આજનો સુવિચાર

જીવનમાં ક્યારેય આશા ગુમાવશો નહી કારણ કે તમે ક્યારેય જાણતા નથી કે આવતીકાલ શું લાવશે !!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૩૦૬ જૂનાગઢ તા.૧૩-૧૨-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 306, Junagadh : Date : 13 December, 2023, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# ભૂપત ભાયાણીએ આપ સાથે છેડો ફાડયો : વિસાવદર બેઠક પરથી રાજીનામુ આપ્યું



## હું ભાજપનો જ કાર્યકર હતો અને આજીવન ભાજપનો કાર્યકર રહીશ : ભૂપત ભાયાણી

ગાંધીનગર તા. ૧૩

આમ આદમી પાર્ટીના પાંચ ધારાસભ્ય પૈકી વિસાવદર વિધાનસભા બેઠકના ધારાસભ્યની વિકેટ આજે ખરી પડી છે. વિસાવદર બેઠકના ભૂપત ભાયાણીએ આજે વિધાનસભાનાં અધ્યક્ષ શંકર ચૌધરીને રાજીનામું આપી દીધું છે. બીજી તરફ બોટાદના ધારાસભ્ય ઉમેશ મકવાણા અને ગારિયાધારના ધારાસભ્ય સુધીર વાઘાણી પણ આમ આદમી પાર્ટીને રામ-રામ કરે તેવી શક્યતા છે. ઉમેશ મકવાણા સાંજે ૪ વાગ્યે સત્તાવાર રીતે જાહેરાત કરશે તેવા સમાચારા મળી રહ્યા છે.

ભૂપત ભાયાણીએ જણાવ્યું હતું કે, રાજીનામું આપવા પાછળ ઘણા બધા કારણો છે. હું રાષ્ટ્રવાદી માણસ છું અને રાષ્ટ્રના હિતમાં કામ કરવા મારા માટે આમ આદમી પાર્ટી યોગ્ય પ્લેટફોર્મ નહોતું. જેથી કરીને મેં મારી જનતા અને કાર્યકર્તાઓને પૂછીને આ નિર્ણય કર્યો છે. કઈ પાર્ટી રાષ્ટ્રવાદી છે અને કઈ પાર્ટી રાષ્ટ્રવાદી નથી એ દેશની જનતા જ જાણે છે. મારે જનતાના કામ કરવા છે. મને યોગ્ય પ્લેટફોર્મ નહી લાગતા મેં આ નિર્ણય લીધો છે. યોગ્ય સમયે યોગ્ય રાજકીય નિર્ણયો થતા હોય છે. ભાજપમાં જોડાશો તેવા મીડિયાના સવાલમાં જવાબમાં જણાવ્યું હતું કે, હું ભાજપનો જ કાર્યકર્તા હતો.

આમ આદમી પાર્ટીના પાંચ ધારાસભ્ય ચૂંટાયા બાદના માત્ર એક માસમાં જ ભૂપત ભાયાણી રાજીનામું આપવા તૈયાર થયા હતા. જે-તે સમયે તેમની પર આક્ષેપ થયા હતા કે, તેમણે રૂપિયા લઈ અને રાજીનામું આપવા તૈયારી કરી હતી. જોકે, રાજીનામું આપવાની વાત લીક થઈ જતાં અંતે તેમણે ફેરવી તોળ્યું હતું અને રાજીનામું આપ્યું નહોતું.

રાજીનામુ આપ્યા બાદ ભૂપત ભાયાણીએ એવું જણાવ્યું હતું કે, હું ભાજપનો જ કાર્યકર હતો અને આજીવન ભાજપનો કાર્યકર રહીશ.

## અમારા પાંચ ધારાભ્યોને સતત ઓફર થાય છે
## ૧૫૬ બેઠકો હોવા છતાં ભાજપને ડર લાગે છે : ઈશુદાન ગઢવી

ગાંધીનગર તા. ૧૩

વિસાવદર - ભેસાણ બેઠકનાં ધારાસભ્યપદેથી આમ આદમી પાર્ટીનાં ભૂપત ભાયાણીએ રાજીનામુ આપી દેવાના પગલે આમ આદમી પાર્ટીનાં ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈશુદાન ગઢવીએ એવું નિવેદન કર્યુ છે કે, ગુજરાતમાં ભાજપને ૧૫૬ બેઠકો હોવા છતાં ભાજપને ડર લાગે છે. અમારા પાંચ ધારાસભ્યોને સતત ભાજપ તરફથી ઓફરો થાય છે. મને રોજ અમારા એક ધારાસભ્ય કહે છે કે ભાજપે મને ઓફર કરી છે. બીજી તરફ આમ આદમી પાર્ટીનાં અન્ય બે ધારાસભ્ય આજે સાંજ સુધીમાં આમ આદમી પાર્ટી સાથે છેડો ફાડી નાખશે તેવી ચર્ચાએ પણ જોર પકડયું છે.

## મહાદેવ એપ કૌભાંડનાં આરોપી રવિ ઉપ્પલની દુબઈમાં ધરપકડ : ભારતને પ્રત્યાર્પણ કરાશે

નવી દિલ્હી તા. ૧૩

મહાદેવ ઓનલાઈન બેટિંગ એપના કો-ફાઉન્ડર રવિ ઉપ્પલની સંયુક્ત આરબ અમીરાતમાં ધરપકડ કરવામાં આવી છે. રવિ ભારતમાં વોન્ટેડ છે. ભારતીય એજન્સીઓ UAE સત્તાવાળાઓના સંપર્કમાં છે. રવિને ટૂંક સમયમાં જ ભારત લાવવામાં આવી શકે છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના આદેશ પર, ઈન્ટરપોલ પહેલાંથી જ રવિ ઉપ્પલ વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ જાહેર કરી ચૂકી છે. માનવામાં આવી રહ્યું છે કે આ પછી ટૂંક સમયમાં સૌરભ ચંદ્રાકરની પણ ધરપકડ થઈ શકે છે. પોલીસને તેના લોકેશન વિશે માહિતી મળી છે.

## રાજકોટ મહાનગરપાલિકાનાં કર્મચારીઓ દ્વારા ઉગ્ર વિરોધ : તાળાબંધી કરી

રાજકોટ તા. ૧૩

ભાજપ શાસીત રાજકોટ મનપાનાં કર્મચારીઓએ શાસકો સામે બાંયો ચડાવતા આજે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરી તાળાબંધી કરી હતી. ભરતી, લાયકાતનાં ધોરણો અને પગાર વધારા સહિતની માંગણીઓનાં સંદર્ભમાં કર્મચારીઓએ સત્તાધિશો સામે રામધુન બોલાવી વિરોધ કર્યો હતો

## પાટણ જીલ્લામાં વન્યપ્રાણીને બચાવવા જતા
## કાર ખાડામાં ખાબકતા એકજ પરીવારનાં ૪નાં મોતથી અરેરાટી

પાટણ તા. ૧૩

આજે સવારે પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના ફાગલી ગામ પાસે ગોઝારા અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં એક જ પરિવારના ચાર સભ્યોના મોત થયા છે. લગ્નમાં જઈ રહેલા ફાગલી ગામના જોશી પરિવારની કાર આગળ અચાનક વન્ય પ્રાણી આવી ચડતા તેને બચાવવા જતા કાર રોડની સાઈડમાં આવેલ પાણી ભરેલા ખાડામાં ખાબકી હતી. જેથી કારમાં બેઠેલા એક જ પરિવારના પતિ-પત્ની અને બે પુત્રીઓના પાણીમાં ડૂબી જવાથી ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા હતા. પાટણ જીલ્લાનાં ફાગલી ગામનાં વતની અને મુંબઈ સ્થાયી થયેલ જોષી પરીવાર બે-ત્રણ દિવસ પહેલા જ મુંબઈથી ભાણાનાં લગ્ન પ્રસંગ સબબ વતનમાં આવ્યો હતો અને લગ્ન પ્રસંગમાં જઈ રહયો હતો ત્યારે આ બનાવ બન્યો હતો.


S. K. CARS
આપને કાર લેવી હોય કે વેચવી હોય તો અમારો સંપર્ક કરો

કોન્ટેક્ટ નં.
મો. ૭૨૦૨૦ ૭૨૦૧૦
૮૯૫૯૫ ૦૦૦૦૫
શોપ નં.૪ ઈસ્કોન ગોલ્ડ સેન્ટ્રલ પ્લાઝાની સામે, મધુરમ બાયપાસ રોડ, જૂનાગઢ


મહાયોગી
વિરેચન ચૂર્ણ
દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુ:ખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે
માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦
૯૪૨૯૭ ૭૫૦૭૫

હોટેલ ગ્રીનલેન્ડ
જૂનાગઢનાં પ્રવેશ દ્વારે આતિથ્યનું તોરણ
HOTEL GREENLAND | ઠાકરથાળ
સુવિધાઓ
● બેન્કવેટ હોલ
● પાર્ટી લોન
મોર્ડન એમેનીટીઝ સાથેનાં લકઝરીયસ પર એ.સી. રૂમ
ઠાકર થાળ એક ખાનદાની પરંપરા
સ્વાદિષ્ટ ગુજરાતી થાળી
● ગુજરાતી ● પંજાબી ● ચાઈનીઝ
● સાઉથ ઈન્ડીયન ● કાઠીયાવાડી ● જૈન ફૂડ
જૂનાગઢ - રાજકોટ હાઈવે, ભેસાણ ચોકડી, જૂનાગઢ
૦૨૮૫ - ૨૬૬૧૬૮૩ મો. ૭૪૯૦૦ ૩૮૪૦૪
thegreenlandhotel.com
info@thegreenlandhotel.com



# જૂનાગઢ : ૧૭ લોકો પાસેથી રૂા.૨.૧૧ કરોડની છેતરપિંડી કરનાર નકલી ડીવાયએસપી છ દિવસના રિમાન્ડ ઉપર

## પકડાયેલા શખ્સ પાસેથી ડીવાયએસપી, ડ્રાઈવર સિનીયર સિવીલ જજના ડુપ્લીકેટ કાર્ડ મળ્યા : વધુ છેતરપિંડીના કિસ્સા ખુલ્લે તેવી શકયતા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢમાંથી નકલી ડીવાયએસપી બનીને લોકો સાથે છેતરપિંડી કરનાર જૂનાગઢ ફેમિલી કોર્ટના ડ્રાઈવરને એલસીબી જૂનાગઢ દ્વારા ઝડપી લેવામાં આવ્યો હતો અને આ શખ્સની ઉંડાણપુર્વકની પુછપરછ કરવામાં આવતા તેણે ૧૭ લોકો પાસેથી રૂા.૨.૧૧ કરોડ ખંખેરી નાખ્યા હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. પકડાયેલા શખ્સને રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજુ કરવામાં આવતા કોર્ટે તેના ૧૮ ડિસેમ્બર બપોરના ૧૨ વાગ્યા સુધી છ દિવસના રિમાન્ડ મંજુર કરવામાં આવ્યા છે.

આ બનાવ અંગે વિશેષ મળતી વિગત અનુસાર વિનીત દવે નામનો આ ઈસમ ફેમિલી કોર્ટના ડ્રાઈવર ફરજ બજાવતો હતો અને મૂળ અમદાવાદના આ ઈસમ વિરૂધ્ધ જૂનાગઢ કોટમાં ઈન્કવાયરી ચાલુ હતી. અને તેથી તે પોતે ૨૯ ૫ ૨૦૨૩ થી કોર્ટમાં પણ ગેરહાજર રહેતો હતો. ત્યારે જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચ ના હાથે ઝડપાયેલ આઈ સામે અત્યાર સુધીમાં ૧૭ થી વધુ લોકો પાસેથી ૨,૧૧,૫૦,૦૦૦ ( બે કરોડ અગિયાર લાખ પચાસ હજાર) રૂપિયાની છેતરપિંડી કરી છે. ક્રાઈમ બ્રાન્ચના હાથે ઝડપાયેલ નકલી ડીવાયએસપી વિનીત દવે પાસેથી ગુજરાત પોલીસના ડીવાયએસપી લખેલું નકલી બનાવટી કાર્ડ અને ફેમિલી કોર્ટ આઈકાર્ડ,પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ જૂનાગઢ ના નામ વાળું આઈ કાર્ડ મળી આવ્યું છે. એટલું જ નહીં આ ઝડપાયેલ નકલી ડીવાયએસપી પાસેથી ઉચ્ચકક્ષાના બે અધિકારીઓ તેમને ડીવાયએસપીનું પ્રમોશન મળતા **Pipping Ceremony** ની એટલે કે જ્યારે પ્રમોશન મળે ત્યારે ઉચ્ચ અધિકારી દ્વારા જે સ્ટાર લગાવવામાં આવે છે તેવો ફોટો પણ એડીટીંગ કરેલો તેમની પાસેથી મળી આવ્યો હતો. જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ જે જે પટેલને ખાનગી બાતમી મળી હતી કે વિનીત બંસીલાલ દવે નામનો અમદાવાદનો ઈસમ જૂનાગઢ ફેમિલી કોર્ટમાં ડ્રાઈવર તરીકે નોકરી કરે છે અને આ ઈસમ પોલીસ ખાતામાં નોકરી ન કરતો હોવા છતાં પણ લોકોને છેતરવા માટે પોતે ડીવાયએસપી હોવાની ઓળખ આપે છે અને ડીવાયએસપી તરીકેનું નકલી ઓળખકાર્ડ બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કરી લોકોને છેતરે છે ત્યારે આ હિસાબે સામાન્ય લોકોને ડીવાયએસપીનું કાર્ડ બતાવી સરકારી નોકરી આપવાના બહાને ખૂબ જ મોટી રકમ નાના ઉઘરાવી વિશ્વાસઘાત કરે છે. બાતમીના આધારે જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા એમજી રોડ ઉપર આવેલ સૂબો મંગલ કોમ્પલેક્ષ નજીકથી આ નકલી ડીવાયએસપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. ઝડપાયેલ નકલી દિવસ પીએ પોતે જૂનાગઢ ફેમિલી કોર્ટમાં ડ્રાઈવર તરીકે નોકરી કર્યા હોવાનું જણાવ્યું હતું પરંતુ જૂનાગઢ કોર્ટ દ્વારા તેમના ઉપર ઈન્કવાયરી શરૂ હતી. અને ઘણા લાંબા સમયથી આ ઈસમ કોર્ટમાં પણ ગેરહાજર રહેતો હતો. ત્યારે પોલીસ દ્વારા ઝડપાયેલ ઈસમ વિનીત દવે પાસેથી નાયબ પોલીસ અધિક્ષકનું









હોદ્દા વાળું ડુબલીકેટ કાર્ડ મળી આવ્યું હતું જેને લઈ જૂનાગઢ એ ડિવિઝન પોલીસે તેના વિરૂધ્ધ ૪૦૬, ૪૦૫, ૪૬૮, ૪૭૧ અને ૧૭૦ મુજબનો ગુનો દાખલ કર્યો હતો. હાલ પીઆઈ વત્સલ સાવજ દ્વારા તેમની પૂછપરછ હાથ ધરવામાં આવી છે. પકડાયેલ નકલી ડિવાયએસપીએ અત્યાર સુધીમાં ૧૭ થી વધુ લોકો સાથે બે કરોડથી વધુની છેતરપિંડી કરી છે. જેમાં અફસાના બ્લોચ ગોંડલ ૧૦ લાખ, સાહિલ હારૂ ચાવડા ગોંડલ ૧૦ લાખ, રાહુલ ચાવડા ગોંડલ દસ લાખ, યસ કુંભાર ગોંડલ ૧૨,લાખ, જયરાજ નવલભાઈ રાઠોડ ગોંડલ ૧૩ લાખ, શૈલેષ મંગળભાઈ કાછડ અમરેલી ૧૮ લાખ, શુભમ મુકેશભાઈ વેરડા ગોંડલ ૨૧ લાખ, ક્રિષ્ના પિયુષભાઈ સોલંકી ગોંડલ ૮ લાખ, વિનય શૈલેન્દ્રભાઈ વ્યાસ ગોંડલ ૮ લાખ, કાજલબેન ભાર્ગવભાઈ જસાણી ગોંડલ ૧૬,લાખ, ગૌરાંગ અશોકભાઈ પરડવા રાજકોટ ૧૮ લાખ, ગુંજન અશોકભાઈ પરડવા રાજકોટ ૭,૫૦,લાખ, ગૌરીબેન ભરતભાઈ વાણીયા તાલાળા ૨૦ લાખ, કાજલબેન પટેલ વાડલા જુનાગઢ બર લાખ, પવન યોગેશભાઈ દવે જુનાગઢ ગાંધીગ્રામ ૫,લાખ, કિશોરભાઈ કલસરિયા ગીર સોમનાથ ૨૦ લાખ મળી કુલ ૨,૧૧,૫૦,૦૦૦ (બે કરોડ અગિયાર લાખ પચાસ હજાર)ની છેતરપીંડી કરી હોવાનું સામે આવ્યું છે. જૂનાગઢ એસપી હર્ષદ મહેતાએ જણાવ્યું હતું કે દવે નામની વ્યક્તિ જે જૂનાગઢમાં ફેમિલી કોર્ટમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતો હતો અને તેમના વિરૂધ્ધ કોર્ટમાં તપાસ શરૂ હતી તેના કારણે તે કોર્ટમાં હાજર રહેતો ન હતો. તે દરમ્યાન જૂનાગઢ લોકલ ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળેલી કે પોલીસનું ઓળખ આપી અને એક વ્યક્તિ જૂનાગઢમાં આંટાફેરા મારે છે. એવી હકીકતના આધારે ગઈકાલે એમ.જી રોડ ઉપર આ વીનીત દવેને ક્રાઈમ બ્રાન્ચ ખાતે લાવવામાં આવ્યો હતો. એમની વધુ પૂછપરછ કરતા જાણવા મળે એટલે કેટલાક સમયથી કોર્ટમાં ગેરહાજર છે. પરંતુ પોલીસનું ડુપ્લીકેટ કાર્ડ જેમાં ડીવાયએસપીનો હોદો બનાવી અને પોતે પોતાની ઓળખ પોલીસ તરીકે આપતો હતો અને અલગ અલગ લોકોને નોકરી આપવાના બહાને એમણે છેતરપિંડી કરેલ હતી. આ ઈસમ મૂળ વતની અમદાવાદ જિલ્લાનો છે. આરોપી હાલ માટે પોતાના ફેમિલી સાથે વડોદરા શહેરમાં તે રહે છે અને આ પકડાયેલ ઈસમ વિનીત બંસીલાલ બંસીલાલ એ અમદાવાદના ગોવિંદ એપાર્ટમેન્ટ મણીનગર ખાતે તેમના ફેમિલી સાથે પણ રહે છે. આ ઈસમ પાસેથી ડીવાયએસપીનું બનાવટી ઓળખકાર્ડ છે. અને ફેમિલી કોર્ટમાં ડ્રાઈવર તરીકે હોવાનું ઓળખકાર્ડ, અને સિવિલ પ્રિન્સિપલ જજનું એક ડુપ્લિકેટ કાર્ડ કોપી પ્રિન્ટ કાઢીને પણ પોતાની સાથે રાખતો હતો. આ ઈસમે સૌરાષ્ટ્રના અલગ અલગ જિલ્લાઓના લગભગ ૧૭ એક જેટલા યુવાનોને નોકરી આપવાના બહાને પૈસાની ખેતરપિંડી કરેલી છે. આ નકલી **dysp** એ કુલ બે કરોડથી પણ વધારે રકમ લોકો પાસેથી પડાવી છે. એ ઘટના બાબતે જણાવવાનું છે કે ક્યારેય પણ આવા કોઈ ઈસમો નોકરીના બહાને અથવા નોકરી આપવાના બહાને લાલચમાં લાવીને કોઈપણ યુવાન કે મા-બાપને જ્યારે આવી લાલચ આપતા હોય છે. ત્યારે એમને ખાસ સાવચેત રહેવું જોઈએ. કારણ કે આવી કોઈ પણ પ્રકારની નોકરી વ્યક્તિગત રીતે કોઈ આપી શકતું નથી. આખું અલગ એક વ્યવસ્થા તંત્ર હોય છે. તેના માટે પરીક્ષા હોય છે. ફોર્મની જાહેરાત કરવામાં આવે છે અને પરીક્ષા લેવાય ત્યારબાદ સમગ્ર પ્રક્રિયાને અંતે સરકારમાંથી વારની નિમણૂક થતી હોય છે. ત્યારે આવા લેભાગુ તત્વોથી કોઈ યુવાનો તેમના માતા-પિતાઓ એમને શોર્ટકટમાં ન પડે એવી હું જિલ્લા પોલીસ વતી અપીલ કરૂ છું.

# જૂનાગઢ બાર એસોસિએશનની તા.૨૨ ડિસેમ્બરે ચૂંટણી : વકીલોમાં ભારે ઉત્સાહ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ બાર એસોસિએશનની ચૂંટણી માટે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બન્યું છે. પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી, જોઈન્ટ સેક્રેટરી, ખજાનચી, કારોબારી સભ્યો સહિતના ૧૪ હોદ્દેદારોની ચૂંટણી માટે આગામી તા.૨૨ ડિસેમ્બરે મતદાન થશે. જૂનાગઢ બાર એસોસિએશનના ૧૪ હોદ્દેદારોની ચૂંટણી જાહેર થતા કુલ ૬૦ ફોર્મ ભરાયા હતા. જેમાં તા.૧૧ ડિસેમ્બરે ફોર્મની ચકાસણી કરવામાં આવી, તા.૧૨ ડિસેમ્બરે ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ હતી જેથી ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બન્યું છે, જેમાં ફાયનલ ઉમેદવારો તરીકે પ્રમુખ પદ માટે ગજેરા મનસુખભાઈ અરજણભાઈ, જયદેવભાઈ રસિકલાલ જોશી, દિપેન્દ્ર અમરનાથ યાદવ, ઉપપ્રમુખ માટે ધર્મિષ્ઠાબેન જગદિશભાઈ જોશી, કુંભાણી ધીરજલાલ વ્રજલાલ, લાખાણી મહેશકુમાર ભગવાનજી, નરેન્દ્ર લાલજીભાઈ મોણપરા, યોગેન્દ્રસિંહ મનહરસિંહ ઠાકોરના ફોર્મ રહ્યા છે. તેમજ સેક્રેટરી પદ માટે મનોજ મનહરલાલ દવે, ગજેરા મનસુખભાઈ અરજણભાઈ, ભાવેશ મેરામભાઈ ઝીંઝુવાડીયા, જોઈન્ટ સેક્રેટરી માટે ચૌહાણ ધર્મિષ્ઠાબેન, હિરેન રજનીકાંત ગણાત્રા, રાજકુમાર દયારામ હિરાણી, મહેશચંદ્ર બાલકૃષ્ણ જાની, ખજાનચી માટે બાબરીયા અજીતભાઈ સમજુભાઈ, ભટ્ટ નીલેશ પ્રવિણચંદ્ર, મારૂ હસમુખ ભગવાનજીના ફોર્મ માન્ય રહ્યા છે. તેમજ સીનીયર કારોબારી સભ્ય માટે ૭ ફોર્મ, મહિલા અનામત કારોબારી માટે ૪ અને કારોબારી સભ્ય માટે ૨૪ ફોર્મ માન્ય રહ્યા છે. આગામી તા.૨૨ ડિસેમ્બરે મતદાન થશે. જેમાં કુલ ૭૬૬ મતદારો છે અને મતદાન બાદ બીજા દિવસે તા.૨૩ ડિસેમ્બરે પરિણામ જાહેર કરવામાં આવશે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે ચૂંટણી અધિકારી આર.ડી. ઠાકરની નિયુકતી કરવામાં આવી છે.

# માણાવદરના બાંટવા ગામનો વિદ્યાર્થી હનીટ્રેપમાં ફસાયો, એક લાખ ગુમાવ્યા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ જીલ્લાના બાંટવા ગામના વિદ્યાર્થી સાથે ઈન્સ્ટાગ્રામમાં મીત્રતા કેળવી વાતચીત કરતા સામે વાળાએ હનિટ્રેપમાં ફસાવી વિડીયો ડીલીટ કરવાના બહાને રૂા.૧,૦૭,૦૦૦ની છેતરપિંડીની ફરિયાદ પોલીસ દફતરે નોંધાય છે. બાંટવા ગામના ધોબી કામ કરતા કિશોરભાઈ મુળજીભાઈ વાજાએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ ફરિયાદ અનુસાર તેમનું દીકરો જેનું નામ ધાર્મિક હોય અને ધોરણ ૧૨માં અભ્યાસ કરતો હોય તેના ઈન્સ્ટાગ્રામ આઈડીમાં એક આઈડીનો મેસેજ આવેલ અને વાતચીત કરી મીત્રતા કેળવી વોટસએપ નંબર મેળવી વાતચીત કરી હતી. દરમ્યાન વોટસએપમાં વિડીયો કોલ કરીને ધાર્મિકે યુવતી સાથે વાતચીત કરી હતી. ત્યારબાદ અજાણ્યા નંબર ઉપરથી પોતે આઈપીએસ અધિકારી હોવાની ઓળખ આપી અને ધાર્મિકનો વિડીયો યુટ્યુબ ઉપર વાયરલ કર્યો છે. જેની ડીલીટ કરાવો નહીતર તમારા દિકરાની ધરપકડ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. આથી તેમના પીતાએ વિડીયો ડીલીટ કરાવવા માટે નંબર ઉપર કોલ કરતા સામે વાળા વ્યકિતએ સૌપ્રથમ રૂા.૧૫,૫૦૦ ગુગલ પે કરો તો જ ડીલીટ થશે તેમ જણાવી અને તેની પાસેથી કટકે કટકે વિડીયો ડીલીટ કરવાના બહાને કુલ રૂા.૧,૦૭,૦૦૦ પડાવ્યા હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢમાં ૧૨.૦૨ અને ગિરનાર ઉપર ૭.૦૨ ઠંડી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં ઠંડીનું આક્રમણ રહ્યું છે. આ ઠંડીને કારણે જનજીવન પ્રભાવિત બન્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી ઠંડીની તીવ્રતા વધી રહેવાના કારણે લોકોએ સવારથી ગરમ વસ્ત્રો ધારણ કરવા પડે છે. જૂનાગઢ શહેરની વાત કરીએ તો મેકિસમમ તાપમાન ૧૪ ડિગ્રી તેમજ મિનીમમ ૧૨.૦૨, ભેજનું પ્રમાણ ૮૦ ટકા અને પવનની ગતિ ૨.૬ની રહી છે. જયારે ગિરનાર પર્વત ઉપર ૭.૨ ઠંડી રહી છે.


**બ્લોક વેચવાનો છે**


1BHK
બ્લોક વેચવાનો છે
હેઠાણ ફળીયા,
મુસ્લીમ વિસ્તારમાં,
કિરણ-બી એપા.
૧ લો માળ, જૂનાગઢ
: સંપર્ક :
૯૨૨૭૩ ૯૭૭૦૮

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦


આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
Kelvinator
**બીના ઈલેક્ટ્રોનિક્સ**
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

**ૐ નેચર કયોર સેન્ટર**
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮ નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

પાર્સલ સેવા આપવામાં આવશે
**રાજ ડાયનીંગ હોલ**
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**ન્યુ બોમ્બે ઈલે.**
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
**વિજય ઘી ડીપો**
તહેવારો સબબ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે તેમજ ભેંસનું લેબોરેટરી ટેસ્ટ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

**ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા**
**જોષી દાદા** મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
**નક્ષત્ર – જ્યોતિષ**
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
**ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર**
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

**દિપક ફટાકડા સેન્ટર**
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોનઃ ૨૬૫૨૬૧૨

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જાાવે, વારંવાર મન લલચાવે''
**: સુભાષ :**
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

**માણસો જોઈએ છે**
બેકરી શો રૂમમાં કામ કરી શકે તેવા માણસોની જરૂર છે
**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

# સોમનાથમાં આવતા શાસ્ત્રીય ગાયકો પાસે તેના કંઠે રામ રચનાઓ સાંભળવા લોકો ઉત્સુક રહેતા

વેરાવળ, તા.૧૩

આજે મર્યાદા પુરૂષોતેમ ભગવાન શ્રીરામ મંદિર-અયોધ્યા ખાતે દિવ્ય લોકાર્પણ અંગે તડામાર તૈયારીઓ ચાલી રહી છે ત્યારે અતીતના સાગરમાંથી ઉલેચીયેં સોમનાથ-પ્રભાસ-તીર્થની કેટલીક વાતો.. સોમનાથ દર્શને સુપ્રસિધ્ધ નૃત્યકારો-શાસ્ત્રીય ગાયકો-સુગમગાયકો અવાર નવાર આવતા જ રહેતા ત્યારે કલાકારની મોજ મુજબનો કાર્યક્રમમાં સુપ્રસિધ્ધ રચના ''ઠુમક ચલત રામચંદ્ર બાજત પૈજનીયાં..'' ભાવ હૈયે તેના કંઠે સાંભળવાની ઈચ્છા વ્યક્ત કરતાં અને તેઓ સંભળાવતા પણ ખરા સૌથી તે સમયે જો વધુ ગમ્યું હોય તો શંકરભાઈ ભટ્ટની ફિલ્મનું ''ભારત કી એક સન્નારી કી હમ કથા સુનાતે હે..'' આ ગીત તો ઘણા ગુણીજનો પરિવાર સાથે હિંડોળે ઘરમાં ગાઈ ભાવ આદર વ્યક્ત કરતાં તે સમયે ધાર્મિક ચિત્રો જ મોટે ભાગે આવતાં જેમાંના ફિલ્મ ગીતોમાં ''રામ'' ભક્તિ દર્શકો-યુવાનોને ભક્તિભાવ સાથે ગમતી. યુવાનો સ્કુલ મેળાવડામાં કે સંગીત બેઠકમાં ''બડી દેર ભાઈ, કબ લોગે ખબર મોરે રામ'' ગવાતું અને તેનો અંત અંતરો એટલી બુલંદ ઊંચાઈ સુધી જતો કે સૌ એકીટસે સાંભળતાં ''મિલન'' ''ફિલ્મમાં'' ''રામ કરે ઐસા હો જાયે'' તો અન્ય ફિલ્મોમાં ''મેરા પિયા ઘર આયા હો રામજી તો'' રાખના રામકડાં મારે રામ રમતા રાખ્યાં રે તો ''ધરાના'' ફિલ્મનું ''જય રઘુનંદન, જય સિયારામ સિયારામ ''રામજીકી લીલા હૈ ન્યારી, રામજી કી નિકલી સવારી સવારી'' ખુબ જ જન-જન સુધી પહોંચેલાં. પ્રભાસના સંગીત પ્રેમીઓના કેસેટ પટારામાં લતા મંગેશવરે ગાયેલું ''રામ રતન ધન પાયો'' નો સંચય થયો હતો. ''અય રોમ રોમમેં બસનેવાલે રામ'' મૈં તુઝસે ક્યા માંગું ''પણ લોકોને ગમતું તો ગુજરાતી ચિત્રપટોના ''રાજા જનક ઘેર માંડવા પણ આકર્ષતું. સોમનાથ-પ્રભાસ પાટણમાં નવરાત્રિમાં ચડ-ઊતરની હિંચની ગરબીઓ લેવાતી તેમાં ''રામ'' ઉલ્લેખ સાથેની ગરબી ગવરાવાય ત્યારે હલક અને ભાવથી લોકો ભક્તિમય બનતા.પાટચક્લા-રામરાખે ચોકમાં છોટુભાઈ પ્રચ્છક આ ગરબી ગવરાવતા તેના શબ્દો હતા ''ઉત્તરાખંડમાં અયોધ્યા વખાણીયેં રે જ્યાં રાજા દશરથના રૂડાં એવાં રાજ હો ગરબી ગાયેં તે રૂડા રામની રે..''

# જૂનાગઢ જિલ્લા ગ્રામ વિકાસએજન્સીના ૮૬ કર્મયોગીઓ દ્વારા ગિરનાર પરિક્રમા રૂટની સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી





જૂનાગઢ,તા.૧૩

જૂનાગઢ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના કર્મયોગીઓ, સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજનાના જિલ્લા તેમજ તાલુકા કક્ષાના દ્વારા કર્મયોગીઓ હાલમાં પૂર્ણ થયેલ ગિરનાર પરિક્રમા રૂટની સફાઈ ઝુંબેશ હાથ ધરી હતી.

આ સ્વછતા અને પ્રકૃતિલક્ષી કાર્યમાં કુલ ૮૬ અધિકારીઓ કર્મચારીઓ સ્વેચ્છિક જોડાઈને સ્વચ્છતાલક્ષી શ્રમદાન આપી ગિરનાર દક્ષિણ રેન્જમાં બોરદેવી ફોરેસ્ટ નાકા નજીક ગિરનાર પરિક્રમાના ૨ કિલોમીટરના રૂટ અને રસ્તાની બંને બાજુ ૪૦૦ મીટરની ત્રિજ્યામાં સફાઈ હાથ ધરી પ્લાસ્ટિકનો ૧ ટન જેટલો કચરો એકત્ર કરવામાં આવ્યો હતો.

આ સ્વચ્છતા કાર્યને સુચારૂ રૂપે સાર્થક કરવા કલેકટર શ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રીની સૂચના અનુસાર અને નિયામકશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ગ્રામ વિકાસ વિભાગના જિલ્લા અને તાલુકા કક્ષાના કર્મયોગીઓ દ્વારા ગિરનાર લીલી પરિક્રમા ના રૂટની સ્વચ્છતા માટે સ્વૈચ્છિક શ્રમદાનથી સફાઈ કરવામાં આવી હતી.

# વંથલીના સાંતલપુરમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું સ્વાગત, ટીબી સ્ક્રિનિંગ સહિતની આરોગ્ય સેવાનો લાભ લેતા ગ્રામજનો

### નલ સે જલ યોજનાના સફળ અમલીકરણ માટે ગ્રામ પંચાયતને અભિનંદન પત્ર એનાયત કરાયું





જૂનાગઢ તા.૧૩

વંથલી તાલુકાના સાંતલપુર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ગ્રામજનોએ ઉત્સાહભેર સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં ગ્રામજનોને વિવિધ સરકારી યોજનાઓની જાણકારી આપવાની સાથે તેના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સાંતલપુર ગ્રામ પંચાયતને નલ સે જલ યોજનાના સફળ અમલીકરણ માટે અભિનંદન પત્ર પણ એનાયત કરવામાં આવ્યો હતો.મેરી કહાની મેરી જુબાની અંતર્ગત સરકારી યોજનાના લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો આપ્યા હતા. આ સાથે પ્રાકૃતિક ખેતી કરતા એક ખેડૂતભાઈએ પ્રાકૃતિક ખેતીના અનુભવો અને ફાયદાઓ જણાવ્યા હતા.

આ પ્રસંગે પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના હેઠળના આયુષ્માન ભારત કાર્ડ, સોઈલ હેલ્થ કાર્ડ, અન્ન યોજના હેઠળની કીટ સહિતના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

નેનો યુરિયાના છંટકાવમાં ખૂબ ઉપયોગી એવા ડ્રોનનું પણ નિદર્શન કરવામાં આવ્યું હતું. આ સાથે ગ્રામજનો ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણ માટે સંકલ્પબદ્ધ થયા હતા. પશુપાલકોના પશુઓની આરોગ્ય તપાસણી માટે પશુ આરોગ્ય કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા હેલ્થ ઓફિસર ડો. પરમાર, સરપંચ વિપુલભાઈ કાપડિયા, રેખાબેન ચાવડા સહિત જુદા જુદા વિભાગના કર્મચારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ભવિષ્યમાં સ્પોર્ટ્સ ૫ બિલિયનનું માર્કેટ બનશે : હર્ષ સંઘવી

### ગુજરાતને સ્પોર્ટ્સ હબ બનાવવાનું આયોજન થઈ રહ્યું છે

અમદાવાદ,તા.૧૩

દેશના ઈતિહાસમાં પ્રથમવાર ગુજરાત અને તેમાંય અમદાવાદમાં સ્પોર્ટ્સ સ્ટાર્ટ અપ કોક્લેવ યોજાયો. આ કોક્લેવના શુભારંભ પ્રસંગે રાજ્યના રમતગમત મંત્રી હર્ષ સંઘવીનું મહત્વનું નિવેદન સામે આવ્યું છે. તેઓએ જણાવ્યું કે, હવે ગુજરાત સ્પોર્ટ્સ મેન્યુફેક્ચરિંગ હબ બનશે. રાજ્ય સરકાર તે દિશામાં મહત્વના પ્રયાસો કરી રહી છે. રમતવીરો માટેની શક્તિદૂત યોજના ગુજરાતનાં યુવાનો જે રમતગમત સાથે જોડાયેલા છે તેમની માટે આર્શીવાદરૂપ સમાન બનશે તેવું પણ તેમણે ઉમેર્યુ છે. ભારતનું પ્રથમ સ્પોર્ટ્સ સ્ટાર્ટ અપ કોંકલેવ ૨૦૨૩નો ગુજરાતમાં પ્રારંભ થયો છે. કાંકરિયા ઈકા ક્લબ ખાતે કોંકલેવનુ આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના ગૃહરાજ્ય અને રમત ગમત મંત્રી હર્ષ સંઘવીના હસ્તે પ્રારંભ થયો છે. કોક્લેવમાં રમત ગમત ઉદ્યોગના સફળ સાહસિકો સાથે પેનલ ચર્ચા થશે. કોક્લેવમાં ખેલમંત્રી હર્ષ સંઘવીનું નિવેદન સામે આવ્યું છે. તેઓએ જણાવ્યું કે, આજનું કોક્લેવ સ્પોર્ટ્સ માટેનું ફૂલ પેકેજ છે. સ્પોર્ટ્સ સાથે સંકળાયેલ તમામ લોકો આજે એકસાથે છે. દેશના ઈતિહાસમાં પ્રથમવાર સ્પોર્ટ્સ કોક્લેવ યોજાયો છે. આ વર્ષે ૧૦મું વાઈબ્રન્ટ ગુજરાત પણ યોજાવાનું છે. આવનાર દિવસોમાં ગુજરાત સ્પોર્ટ્સ મેન્યુફેક્ચર હબ કેવી રીતે બને એ દિશામાં કામ કરી રહ્યા છીએ. સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ સાથે સંકળાયેલ લોકોને એકત્રિત કરાયા છે. પહેલા ગુજરાતી ખેલાડીઓ ક્યાંક રમવા જતા તો ફાફડા-ઢોકળા તરીકે ઓળખવામાં આવતા. હવે સ્થિતિ બદલાઈ છે અને ફાફડા-જલેબી જ્યાં જાય ત્યાંથી કંઈને કંઈ મેળવીને આવે છે. હવે ખેલાડીઓ એ સીનારિયો બદલી નાખ્યો છે. વધુને વધુ મેડલ ગુજરાતમાં આવે તેના પર ખેલાડીઓ મહેનત કરી રહ્યા છે. તેઓએ ઉમેર્યુ કે, શક્તિદૂત યોજના એ ગુજરાતનાં યુવાનો જે રમતગમત સાથે જોડાયેલા છે તેમની માટે આર્શીવાદરૂપ છે. શક્તિદૂત પોલિસીમાં ખેલાડીઓના ૮૫ ટકા સજેશન સ્વીકારવામાં આવ્યા. ગુજરાતી ઈન્ટરનેશનલ સ્પોર્ટ્સ ઈવેન્ટમાં શું મેળવ્યું એમને ભવિષ્યમાં જવાબ મળશે. સ્પોર્ટ્સમાં ધરમૂળથી પરિવર્તન આવી રહ્યા છે. સ્પોર્ટ્સ માત્ર તંદુરસ્તી માટે નહીં પરંતુ ભવિષ્યનું રોજગારી આપનાર સેક્ટર છે. ભવિષ્યમાં સ્પોર્ટ્સ ૫ બિલિયનનું માર્કેટ બનશે. ગુજરાતને સ્પોર્ટ્સ હબ બનાવવાનું આયોજન થઈ રહ્યું છે.

# કોડીનાર રાજકોટ બસને વાયા અમરેલી ચલાવવા માટે માંગણી

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૧૩

રાજકોટ એસટી વિભાગ દ્વારા રાજકોટથી સવારે ૭ વાગે રાજકોટ કોડીનાર વાયા જૂનાગઢ, સાસણ, તાલાળા નવી બસ સેવા શરૂ કરવામાં આવી છે. આ બસ સેવા કોડીનારથી બપોરે બે વાગે વાયા તાલાળા થઈને પરત આવે છે. આ જ રૂટ ઊપર કોડીનાર ડેપોની કોડીનાર રાજકોટ બપોરે બે વાગે સારી આવક સાથે દોડી રહી છે. જેથી આ બંને બસો રાજકોટ સુધી સમાંતર દોડી રહી છે. જેથી બંને બસોની આવકને ફરક પડશે. જેથી ભવિષ્યમાં આ બંને બસોને નુકસાન જઈ શકે. ત્યારે આ બસ સેવાને કોડીનારથી વાયા ઊના ધોકડવા ખાભા અમરેલી ચિતલ બાબરા જસદણ આટકોટ થઈને ચલાવવામાં આવે તો આ વિસ્તારમાં એકપણ સીધી બસ સેવા નથી. આ ઉપરાંત ખાભાથી રાજકોટ જવા માટે બપોર પછી એકપણ બસ નથી. જે નવી સુવિધા ઉપલબ્ધ થશે. આ અગાઉ કોડીનાર ડેપો દ્વારા કોડીનાર રાજકોટ વાયા જસદણ બસ સેવા સારી આવક સાથે દોડતી હતી. આ બાબતે કોડીનારથી અજીતભાઈ ચાવડાએ વિભાગીય નિયામક રાજકોટને ટેલીફોનીક તથા લેખિત રજૂઆત કરી છે.

# ફોરેટ નામના પાઉડરથી સાપને નજીક આવવું ગમતું નથી

### ઘણી વખત સાપને ધુમાડાથી મુશ્કેલી થાય છે અને તેને ધુમાડાથી ભગાડી પણ શકાય છે, સાપને આ બધી વસ્તુઓની ગંધ ખૂબ જ વિચિત્ર લાગે છે



નવી દિલ્હી, તા.૧૩

જ્યારે માણસ સાપની સામે આવે છે ત્યારે તેને ખ્યાલ આવે છે કે તે કેટલું જોખમી પ્રાણી છે. સાપ અને માનવ વચ્ચે કોણ વધુ બળવાન છે તે અમને કહેવાની જરૂર નથી. સાપને જોઈને જ વ્યક્તિની હાલત દયનીય થઈ જાય છે. આવી સ્થિતિમાં તે સાપને ભગાડવાની રીતો શોધવાનો પ્રયાસ કરતો રહે છે. તો શું આ દુનિયામાં એવી કોઈ વસ્તુ છે જેની ગંધ જ સાપને ભગાડે છે? મનુષ્ય માટે આ વસ્તુઓ વિશે જાણવું ખૂબ જ જરૂરી છે. અમે તમારા માટે દેશ અને વિશ્વ સાથે સંબંધિત આશ્ચર્યજનક માહિતી લાવ્યા છીએ. આજે અમે તે વસ્તુ વિશે જણાવવા જઈ રહ્યા છીએ, જેની ગંધ સાપને ભગાડવામાં અસરકારક છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ કોરા પર કોઈએ આને લગતો પ્રશ્ન પૂછ્યો છે અને ઘણા લોકોએ તેના જવાબો પણ આપ્યા છે. ચાલો જોઈએ કે તેણે શું કહ્યું. નિર્મલા ઠાકુર નામના યુઝરે કહ્યું- ''ફોરેટ નામના પાઉડર. આ પાવડરની ગંધને કારણે સાપને તેની નજીક આવવું ગમતું નથી.'' દેવેશ પંડિતે કહ્યું- ''મેં વાંચ્યું છે કે જો ઘરમાં ''ઘુડબચ'', ''ઘોડા બચ'' કે ''બચ'' નામની ઔષધિને સળગાવી ધુમાડો કરવામાં આવે તો સાપ આવતા નથી. રાજેન્દ્ર કુમાર નામના યુઝરે કહ્યું, ''સાપ કેરોસીનની ગંધ સહન કરી શકતા નથી અને તેની નજીક પણ આવતા નથી. આ સામાન્ય લોકોના જવાબો હતા. ચાલો હવે જોઈએ કે તેના વિશે વિશ્વસનીય સૂત્રો શું કહે છે. પ્રાણીઓ સંબંધિત વેબસાઈટ **a-z-animal**એ આવી ૧૪ બાબતોનો ખુલાસો કર્યો છે, જેની ગંધથી સાપ ભાગી જાય છે. આમાં મુખ્ય છે લસણ અને ડુંગળી, ફુદીનો, લવિંગ, તુલસી, તજ, વિનેગર, લીંબુ અને સૌથી મહત્વપૂર્ણ છે એમોનિયા ગેસ. ઘણી વખત સાપને ધુમાડાથી મુશ્કેલી થાય છે અને તેને ધુમાડાથી ભગાડી પણ શકાય છે. સાપને આ બધી વસ્તુઓની ગંધ ખૂબ જ વિચિત્ર લાગે છે.

# સરકારે છેલ્લા ૩ વર્ષમાં ૨૨ હજાર પોલીસ કર્મચારીની ભરતી કરી તો શિક્ષકોની કેમ નહીં?

ગાંધીનગર,તા.૧૩

રાજ્ય સરકાર દ્વારા જ્ઞાન સહાયક યોજના હેઠળ ૧૫ હજાર શિક્ષકોની ભરતી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આમ છતાં છેલ્લા છ મહિનાથી કાયમી ભરતી કરવાના મુદ્દે આંદોલન કરતા ઉમેદવારોએ સોમવારે વધુ એક વખત નવા સચિવાલય બહાર દેખાવો કર્યા હતા.

શિક્ષણ મંત્રી કુબેર ડીંડોરને રજૂઆત કરી માગ કરી હતી કે, સરકારે છેલ્લા ૩ વર્ષમાં ૨૨ હજાર પોલીસ કર્મચારીની ભરતી કરી તો શિક્ષકોની કેમ નહીં? તલાટીની કાયમી ભરતી થાય તેવી રીતે શિક્ષકોની પણ કાયમી ભરતી કરવી જોઈએ.

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શિક્ષકોની ભરતી કરવા માટે ટેટ પરીક્ષા લેવામાં આવે છે. ટેટ પરીક્ષા પાસ ૨૬૦૦ ઉમેદવારોની ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન ભરતી કરી હતી. આ પછી રાજ્ય સરકારે જ્ઞાન સહાયકની યોજના જાહેર કરીને તેના મારફત ૧૫ હજાર શિક્ષકોની ભરતી કરવાની જાહેરાત કરી હતી. જેના પગલે અત્યાર સુધીમાં ૧૦ હજાર જેટલા જ્ઞાન સહાયક શિક્ષકોની ભરતી થઈ ગઈ છે, બાકીના ૫ હજાર જ્ઞાન સહાયકોની ભરતી હાથ ધરાઈ છે. આ જ્ઞાન સહાયકોની ભરતી ૧૧ મહિનાના કરાર આધારિત કરવામાં આવતા શિક્ષણની ગુણવત્તા પર અસર પહોંચે તેમ છે. ૩૨ હજાર શિક્ષકોની ખાલી જગ્યા હોવા છતા ભરતી ન કરાતા ઉમેદવારોએ સચિવાલય બહાર દેખાવ કર્યા હતા.

### બિકાનેર પાક. સરહદથી લગભગ ૨૦૦ કિમી દૂર છે

# નર એરબેઝ પર તેજસ એમકે-૧એ પ્રથમ સ્ક્વોડ્રનને તૈનાત કરાશે

નવી દિલ્હી, તા.૧૩

રાજસ્થાનનું બિકાનેર શહેર પાકિસ્તાન સરહદથી લગભગ ૨૦૦ કિલોમીટર દૂર છે. આ જ શહેરમાં ભારતીય વાયુસેનાનું મુખ્ય બેઝ નર એરબેઝ છે. ઈન્ડિયન એરફોર્સે કહ્યું કે તે તેજસ એમકે-૧એફાઈટર જેટના પ્રથમ સ્ક્વોડ્રનને આ જ એરબેઝ પર તૈનાત કરશે. આનાથી ભારતીય વાયુસેના અને દેશને શું ફાયદો થશે? નલ એરબેઝ પર મિગ ૨૧ (મિગ-૨૧ ફાઈટર જેટ)ના સ્કવોડ્રન તૈનાત છે. તેજસએમકે-૧એ ફાઈટર જેટની તૈનાતીથી ફ્લાઈંગ કોફિન ફ્લીટને તેજસથી બદલવા માંગે છે.

હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (એચએએલ) ને સંપૂર્ણ વિશ્વાસ છે કે વાયુસેનાને આવતા વર્ષે ફેબ્રુઆરી અને માર્ચની વચ્ચે પ્રથમ તેજસ એમકે-૧એફાઈટર જેટ મળી જશે. ૨૦૨૫ સુધીમાં વાયુસેનાને વધુ ૨૪ ફાઈટર જેટ મળી જશે. એચએએલ ૮૩ એ તેજસ એમકે-૧એફાઈટર જેટનું ઉત્પાદન શરૂ કરી દીધુ છે. તે ઈન્ડિયન એરફોર્સને આ ફાઈટર જેટ સમયસર આપી દેશે.

બિકાનેરના નલ એરબેઝથી પાકિસ્તાન બોર્ડરનું અંતર લગભગ ૧૯૭-૨૦૦ કિલોમીટર છે. એટલે કે યુદ્ધની સ્થિતિમાં તેજસ ફાઈટર જેટ માત્ર ૫ મિનિટમાં બોર્ડર પર પહોંચી જશે. એરફોર્સ તેજસ એમકે-૧એ ફાઈટર જેટની તૈનાતીથી ફ્લાઈંગ કોફિન ફ્લીટને તેજસથી બદલવા માંગે છે એનો અર્થ એ કે દુશ્મન પર તાત્કાલિક હુમલાની સ્થિતિમાં આ ફાઈટર જેટ હંમેશા તૈયાર રહેશે. આ ઉપરાંત પાકિસ્તાનના પ્રમુખ શહેરો પણ આ ફાઈટર જેટની રેન્જમાં આવે છે. જેમ કે- મુલતાન ૨૯૪ કિમી, લાહોર ૪૦૨ કિમી, ઈસ્લામાબાદ ૬૩૦ કિમી, પેશાવર ૬૮૭ કિમી, મુઝફ્ફરાબાદ ૭૦૪ કિમી અને કરાચી ૭૧૯ કિમી.

૪૩.૪ ફૂટ લાંબા તેજસ એમકે-૧આઈફાઈટર જેટની ઊંચાઈ ૧૪.૫ ફૂટ છે. તેમાં ૨૪૫૮ કિગ્રા ફ્યૂલ આવે છે. મહત્તમ સ્પીડ ૧૯૮૦ કિમી પ્રતિ કલાક છે. એટલે કે અવાજની ગતિ કરતાં દોઢ ગણી વધારે.

મહત્તમ ૫૩ હજાર કિમીની ઊંચાઈ સુધી પહોંચી શકે છે. ગ્લાસ કોકપીટ હોવાના કારણે પાઈલટ માટે ચારે બાજુ જોવાનું સરળ બને છે.



આ નાનુ અને મલ્ટી-રોલ સુપર સોનિક એરક્રાફ્અટ છે. તેમાં ૮ હાઈપ્વોઈન્ટસ છે. એટલે કે, ૮ અલગ-અલગ પ્રકારના હથિયાર લગાવી શકાય છે. તેમાં જી-૮ રોકેટ્સના પોડ્સ લગાવી શકાય છે.

હવાથી હવામાં પ્રહાર કરતી મિસાઈલો આર-૭૩, આઈ-ડર્બી, પેટીહોન-૫ લાગેલ છે. ભવિષ્યમાં એએસઆરએએમ, એએસટીઆરએએમએઆરકે ૧ અને આર-૭૭નું પ્લાનિંગ છે. હવાથી જમીન પર પ્રહાર કરતી મિસાઈલો કેએચ-૫૯એમઈ, કેએચ-૫૯એલ, કેએચ-૫૯ટી, એએએસએમ-હામેરલાગેલી છે. બ્રાહમોસ-એનજી એલકમને લગાવવાની યોજના છે. એન્ટી રેડિએશન મિસાઈલ રુદ્રમને લગાવવામાં આવશે. હાલમાં તેમાં એન્ટી-શિપ મિસાઈલ કેએચ-૩૫ અને કેએચ-૫૯એમકેલાગેલી છે.

# હ્યુમાનીટી ફર્સ્ટ એનજીઓને શ્રેષ્ઠ એનજીઓનો એવોર્ડ એનાયત કરાયો



જૂનાગઢ, તા.૧૩

સાસણમાં આવેલી હોટેલ ગ્રીનપાર્ક ખાતે ટોપ એફએમ અને વી-ટીવી ન્યુઝ દ્વારા વિંટર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. તથા સન્માન સમારોહ પણ રાખવામાં આવ્યુ હતું. જેમાં સમાજમાં ઉત્તમ કામ કરનાર વ્યક્તિ અને સંસ્થાનું સન્માન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં ૩૫ થી પણ વધુ સંસ્થાઓનાં પ્રતિનીધીઆને સન્માનિત કરવામાં આવ્યા હતા. ત્યારે જૂનાગઢમાં યુવાનો દ્વારા ચલાવવામાં આવતા હ્યુમાનિટી ફર્સ્ટ એનજીઓનાં સભ્યો દ્વારા નિઃસ્વાર્થ ભાવે પર્યાવરણ ક્ષેત્રે અપાયેલ યોગદાનને પ્રોત્સાહન આપી હ્યુમાનિટી ફર્સ્ટ એનજીઓને શ્રેષ્ઠ એનજીઓ તરીકે એવોર્ડ એનાયત કરાયો હતો. આ પુરસ્કાર સમારોહમાં વી-ટીવીનાં હેડ શૈલી ટિલક અને વી-ટીવી તથા ટોપ એફએમનાં નરેન્દ્રસિંહ વાઘેલા પણ ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

## આતંકવાદી સંગઠનોને નાણાં ઉપલબ્ધ કરાવવાથી પણ આતંક ફુલેફાલે છે

આતંકની વિષવેલ માત્ર વિચારધારાના માધ્યમથી જ નથી ફેલાતી, પરંતુ આતંકી સંગઠનોને નાણાં ઉપલબ્ધ કરાવવાથી પણ તે ફૂલેફાલે છે. તેને જોતાં જ કેન્દ્ર સરકારે વિભિન્ન એજન્સીઓને એક અધિકાર આપ્યો કે તેઓ કોઈ વિલંબ વિના આતંકી સંગઠનોને આર્થિક મદદ કરનારાઓ વિરૂધ્ધ કાર્યવાહી કરે અને ૨૪ કલાકમાં તેમની સંપત્તિ જપ્ત કરે, તે સમયની માંગ છે. આપણા દેશમાં આતંકી અને અલગતાવાદી સમૂહો સાથે ધર્માંતરણ દ્વારા સામાજિક તાણાવાણાને નુક્સાન પહોંચાડનારાં સંગઠનો એટલા માટે સક્રિય છે, કારણ કે તેમને ક્યાંકને ક્યાંકથી આર્થિક મદદ મળતી હોય છે. જોકે આતંકી ફંડિંગને રોકવા માટે કેટલાંય પગલાં ભરવામાં આવ્યાં છે, પરંતુ હજુ પણ તેને સંપૂર્ણ રીતે રોકી નથી શકાઈ. ગત દિવસોમાં જ ઉત્તર પ્રદેશમાં એક એવી ઘટના જોવા મળી, જેમાં પાકિસ્તાન માટે જાસૂસી કરનારા એક વ્યક્તિના ખાતામાં ૩૦ લાખ રૂપિયા મોકલવામાં આવ્યા. આ નાણાં બનાવટી સરનામાથી ખોલવામાં આવેલ એક ખાતા દ્વારા મોકલવામાં આવ્યા હતા. આ જ રીતે જમ્મુ-કાશ્મીરમાં કેટલીય વાર આવા કિસ્સા જોવા મળે છે, જે એ દર્શાવે છે કે આતંકી સંગઠનોને આર્થિક મદદ કરનારાઓ પર સંપૂર્ણ રીતે રોક નથી લગાવી શકાઈ. જમ્મુ-કાશ્મીરમાં સક્રિય આતંકી સંગઠનોને આર્થિક સહાયતા ઉપલબ્ધ કરાવવાનું કામ પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ હજુ પણ કરી રહી છે. જોકે પાકિસ્તાન આર્થિક રૂપે ભિખારી બનવાની હાલતમાં પહોંચી ગયું છે, પરંતુ તે ભારત માટે ખતરો બનેલા આતંકી સંગઠનોને આર્થિક મદદ કરવાનું ચૂકતું નથી.

દેશમાં શંકાસ્પદ દેખાતાં કેટલાંક સંગઠનો એવાં પણ છે, જેમને સમાજસેવાની આડમાં દેશ-વિદેશથી આર્થિક મદદ મળે છે. આ જ રીતે માદક પદાર્થોની તસ્કરીથી પણ આતંકી સંગઠનોની આર્થિક જરૂરિયાતોને પૂરી કરી શકાય છે. એની અવગણના ન કરી શકાય કે હાલના સમયમાં એવા કેટલાય કિસ્સા જોવા મળ્યા છે,જેનાથી એ ખબર પડે છે કે જમ્મુ-કાશ્મીર અને પંજાબની સાથે પૂર્વોત્તરના આતંકી અને અલગતાવાદી જૂથ માદક પદાર્થોની તસ્કરી દ્વારા ખુદને આર્થિક રૂપે સશક્ત કરી રહ્યા છે. આ એક તથ્ય છે કે મણિપુર હિંસાની આગમાં એટલા માટે સળગ્યું, કારણ કે રાજ્ય સરકાર માદક પદાર્થોની તસ્કરી કરનારાઓ પર સકંજો કસી રહી હતી. એક સમય હતો, જ્યારે હવાલા દ્વારા આતંકી સંગઠનોને આર્થિક મદદ કરવામાં આવતી હતી. હવે આ કામ ક્રિપ્ટોકરન્સી દ્વારા પણ કરાવા લાગી છે. ક્રિપ્ટો કરન્સીના કારોબારને લઈને પ્રભાવી કાયદો ન હોવાનો ફાયદો સાઈબર અપરાધીઓ સાથે આતંકી સંગઠનો પણ ઉઠાવી રહ્યાં છે. જે રીતે આતંકી સંગઠનોને આર્થિક મદદ આપનારા સ્રોતો પર લગામ લગાવવાની જરૂરિયાત છે, એ જ રીતે નક્સલી સંગઠનોના આર્થિક સ્રોત બંધ કરવાની જરૂર છે. તેની સાથે જ એના મૂળમાં જવાની જરૂર છે કે આખરે આતંકી અને નક્સલી સંગઠન આધુનિક હથિયાર અને વિસ્ફોટક કઈ રીતે મેળવી લે છે.

# દિવ્યધામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો




## "ચાલો આપણે સાથે મળીને કોઈનો જીવ બચાવીએ, રક્તદાન કરીને આપણું વ્યક્તિત્વ મહાન બનાવીએ !"ની ઉદાત ભાવના ચરીતાર્થ કરતા દિવ્યધામના યુવાનો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

આપણા જાણીએ છીએ તેમ અકસ્માતોથી સૌથી વધુ માનવ જીંદગી કાળની ગર્તામાં સમાતી હોય છે. માનવસર્જીત અને કુદરતી આફતો વડે થતી જાનહાનિ ત્યારપછીના ક્રમે આવે છે. આવી કોઈ પણ દુર્ઘટના બને ત્યારે રક્તની સૌથી વધુ જરૂર પડે છે. સામાન્ય રીતે મોટી દુર્ઘટના સર્જાય ત્યારે બ્લડબેંકોમાં રક્ત ખૂટી પડે છે. આવા સમયે ચોક્કસ ગ્રુપના રક્ત માટે રેડિયો, ટીવી અને સોશિયલ મીડિયામાં જાહેર અપીલ કરવી પડે છે. બ્લડબેંક્રો કટોકટીમાં બોલાવી શકાય એવા રક્તદાતાઓની યાદી રાખે છે. આમ છતાં અમુક ગ્રુપના રક્તની કાયમ અછત રહે છે. અમુક બ્લડગ્રુપ ધરાવતી વ્યક્તિઓ એકલ-દોકલ જ હોય છે. આવી વ્યકિતને રક્તની જરૂરિયાત ઊભી થાય, ત્યારે ભારે મુશ્કેલી સર્જાય છે. જનસંખ્યાનાં પ્રમાણમાં રક્તદાતાઓની સંખ્યા સાવ થાય એટલે રક્તની આકસ્મિક ઊભી થતી માંગને પહોંચી વળવામાં તકલીફ પડે છે. આપણા દેશમાં થેલેસેમિયાના દર્દીઓ પ્રમાણ ઘણું વધારે છે. જેમને સરેરાશ દર મહિને રક્ત ચડાવવું પડે છે. તેમને માટે બ્લડબેંક્રોએ રક્તનો જથ્થો અનામત રાખવો પડે છે. આથી બ્લડબેંક્રોને હંમેશાં રક્તની જરૂર પડે છે. પચાસ વર્ષથી ઓછી ઉંમરની તંદુરસ્ત વ્યકિત રક્તદાન કરી શકે છે. પણ એવી, વ્યક્તિઓમાંથી બહુ ઓછા લોકો રક્તદાન કરે છે. કેટલાક લોકો ક્યારેય રક્તદાન કરતા જ નથી અને કેટલાક લોકો પ્રસંગોપાત્ત જ રક્તદાન કરે છે. આપણી સંસ્કૃતિમાં દાન-પુણ્યનો ઘણો મહિમા છે. જરૂરિયાતમંદ લોકો માટે દાતાઓ છૂટે હાથે ધનદાન, વસ્ત્રદાન અને અન્નદાન કરે છે. આ દાનોની જેમ રક્તદાન પણ પુણ્યનું કામ છે. ઉપરાંત તે આપણી સામાજિક જવાબદારી પણ છે. આપણે આપેલા રક્તથી કોઈનું જીવન બચી શકે છે. તેથી જ રક્તદાન એ ખરેખર મહાદાન છે.

સ્વસ્થ વ્યક્તિએ નિયમિત રક્તદાન કરવું જોઈએ અને બીજાઓને પણ આવી પ્રેરણા આપવી જોઈએ. બસ આવી જ વિભાવના સાથે દિવ્યધામ નાં યુવાનો દ્વારા "ચાલો આપણે સાથે મળીને કોઈનો જીવ બચાવીએ, રક્તદાન કરીને આપણું વ્યક્તિત્વ મહાન બનાવીએ!"ની ઉદાત ભાવના ચરીતાર્થ કરી હતી. દિવ્યધામ ચેરીટેબલ ટ્રસ્ટ વલારડી દ્વારા રકત ભારતી બ્લડ ડોનેશન સેન્ટર સુરત ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. જેમાં અનેક યુવાનોએ રક્તદાન કર્યુ હતુ. બ્લડ ડોનેટ કરનાર તમામ રક્ત રક્તદાતાઓએ સ્વૈચ્છિક રક્તદાન કરીને કોઈ જરૂરિયાતમંદ દર્દીને નવજીવન બક્ષ્યું છે. આ અંગે દિવ્યધામ ચેરીટેબલ ટ્રસ્ટનાં રાજુભાઈ વઘાસિયાએ જણાવ્યું હતું કે રકતદાન એ તો ઉત્તમ માનવ ધર્મ છે. આજે અમારા દિવ્યધામનાં અનેક સભ્યોએ થેલેસેમીયા ગ્રસ્ત બાળકોનાં જીવનમાં ઉજાસ પ્રસરાવવા અને ગરીબ દર્દીઓને આફતનાં સમયે રક્ત મળી રહે એ આશયે રક્તદાન કર્યુ છે. દિવ્યધામ ટ્રસ્ટ રક્તદાન કરનાર રક્ત દાતાઓનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું કે રક્તદાન દાનને માટે અમો ખુબ ઋણી છીએ દરેક રક્ત દાતા વંદન અને અભિનંદનને પાત્ર છે. દિવ્યધામ ચેરીટેબલ ટ્રસ્ટ યુવાનોને રક્તદાન કરી મુરજાતી જીંદગીને નવપલ્લવીત કરવા અનુરોધ કરે છે.

# જૂનાગઢમાં ૧૬૨ લોકરક્ષક જવાનોનો દીક્ષાંત સમારોહ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૩ : જૂનાગઢમાં પોલીસ હડેકવાર્ટર ખાતે તાલીમ લઈ રહેલા ૧૬૨ એસઆરપીએફ લોકરક્ષક જવાનોની બેઝીક તાલીમ પુર્ણ થતા દીક્ષાંત પરેડ સમારોહ યોજાયો હતો. આ તકે જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા તેમજ પોલીસ અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

## ખંભાળિયા નજીક વાહનની અડફેટે અજાણ્યા યુવાનનું મૃત્યું



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

ખંભાળિયા-જામનગર ધોરીમાર્ગ ઉપર અત્રેથી આશરે ૧૪ કિલોમીટર દૂર કજૂરડા ગામના પાટીયા પાસેથી કોઈ અજાણ્યા વાહનના ચાલકે પોતાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવીને આ માર્ગ ઉપર જઈ રહેલા આશરે ૪૫ વર્ષના અજાણ્યા યુવાનને અડફેટે લેતા આ યુવાનને શરીરના જુદા જુદા ભાગોમાં ફ્રેક્ચર સહિતની ઈજાઓ થતા તેમનું મૃત્યુ નીપજયું હતું. અકસ્માત બાદ આરોપી વાહન ચાલક પોતાનું વાહન લઈને નાસી છૂટ્યો હોવાનું પણ વધુમાં જાહેર થયું છે. આ સમગ્ર પ્રકરણ અંગે ખંભાળિયાના રસિકલાલ ઓચ્છવલાલ મપારા (ઉ.વ. ૫૮, રહે. જલારામ નગર)ની ફરિયાદ પરથી ખંભાળિયા પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે આઈપીસી કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા ૩૦૪ (અ) અને એમ.વી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે.

## ઈન્ડીયા લેવલે ઉંચીકુદ અને લાંબીકુદમાં પ્રથમ દ્વિતીય સ્થાન મેળવતા વિનોદ કરમુર : અભિનંદન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જીલ્લા પંચાયતના સ્પોર્ટ્સ કલબ ગાંધીચોક ખાતે ચીફ ક્રિકેટ કોચ હનીફભાઈ કુરેશી પાસે ક્રિકેટ કોચિંગ લઈ રહેલ વિનોદ કરમુરને ક્રિકેટ સાથે લાંબીકૂદઅને ઉંચીકુદની કોચિંગ દ્વારા ટ્રેનીંગ આપતા કુરેશીસરે હીરાને પારખી લીધો અને ગાંધીનગર સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઈન્ડિયા એડમિશન દેવડાવેલ હાલમાં ગુજરાત રાજયની રમતમાં વિનોદે લાંબીકૂદ અને ઉંચીકુદમાં પ્રથમ નંબરે આવી ગોલ્ડ મેડલ મેળવેલ છે. ગુજરાતની ટીમ તરફથી સાંઈના ખેલાડી વિનોદ કરમુર ઈન્ડિયા લેવલે તા.૨૮-૧૧-૨૦૨૩ના રોજ હિમાચલ પ્રદેશ ધર્મશાળાના ગ્રાઉન્ડ ખાતે વિનોદે પ્રથમ નંબર આવી ઈન્ડિયા લેવલ ઉંચીકુદમાં ગોલ્ડ મેડલ અને લાંબીકૂદમાં સિલ્વર મેડલ મેળવ્યો છે. સયુંકત ભારતીય ખેલ ફાઉન્ડેશનના




સેક્રેટરી શિવા ત્રિવેદી મેડમ દ્વારા વિનોદને ઉંચીકુદમાં ગોલ્ડ મેડલ અને લાંબીકુદમાં સિલ્વર મેડલ અર્પણ કરેલ મૂળ દ્વારકાના વિનોદે ગુજરાતનું તથા ક્રિકેટ કોચ હનીફભાઈ કુરેશીનું નામ રોશન કરેલ છે. ટૂંક સમયમાં વિનોદનું જીલ્લા પંચાયત સ્પોર્ટ્સ કલબના પ્રમુખ અતુલભાઈ વ્યાસ દ્વારા બહુમાંનનો કાર્યક્રમ રાખવામાં આવશે તેમજ વિનોદ ટૂંક સમયમાં ઈન્ટરનેશનલ લેવલે ટુર્નામેન્ટમાં ભાગ લેવા જશે તેમ જાણવા મળે છે.

## ૧૬ ડિસેમ્બર શનિવારે બપોરે ૪ વાગ્યાથી કમુહુર્તાનો પ્રારંભ

તા.૧૬ ડિસેમ્બર શનિવારે બપોરે ૪ વાગ્યે સુર્યધન રાશીમાં પ્રવેશ કરશે અને સાથે ધનારક કમુહુર્તાનો પ્રારંભ થશે અને લગ્નની શરણાય ઢોલ એક મહિના સુધી બંધ થશે.

તા.૧૬-૧૨-૨૩થી તા.૧૫-૧-૨૪ના વહેલી સવારે એટલે કે ૧૪ જાન્યુઆરીના રાત્રીના ૨.૪૪ કલાકે સુર્ય મકર રાશીમાં પ્રવેશની સાથે કમુહુર્તા પુર્ણ થશે.

કમુહુર્તા દરમ્યાન લગ્ન વાસ્તુ જેવા શુભકાર્ય થઈ શકતા નથી પરંતુ કથા રાંદલ જન્મકુંડળીના ગ્રહોની શાંતીનો હવન. જપ, રૂદ્રી, લઘુરૂદ્ર, ચંડીપાઠ જેવા અનેક શુભ પુજા હવન થઈ શકે છે તેમાં કમુહુર્તાનો દોષ લાગતો નથી.

આ વર્ષે ઉનાળામાં મે મહિનામાં લગ્નનું એકપણ મુહુર્ત ન હોવાથી ખાસ કરીને જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનામાં વધારે લગ્ન થશે અને મુહુર્તો પણ સારા છે.

૨૦૨૪માં જાન્યુઆરી મહિનામાં લગ્નના મુહુર્તો : તા.૨૧, ૨૨, ૨૭, ૨૮, ૩૦, ૩૧

ફેબ્રુઆરી મહિનામાં તા.૨, ૪, ૬, ૧૨, ૧૭, ૧૮, ૧૯, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯

માર્ચ મહિનામાં તા.૨, ૩, ૪, ૬, ૧૧, ૧૩

ત્યારબાદ તા.૧૪-૩-૨૪થી ૧૩-૪-૨૪ સુધી મીનારક કમુહુર્તા છે આથી લગ્નના મુહુર્તો નથી.

એપ્રિલ મહિનામાં તા.૧૮, ૨૧, ૨૬, ૨૮ લગ્નના મુહુર્તો છે.

શુક્ર અસ્ત ૧-૫-૨૪થી ૨૮-૬-૨૪ સુધી છે. ગુરૂ અસ્ત તા.૭-૫-૨૪થી તા.૨-૬-૨૪ સુધી છે. ગુરૂ શુક્રના અસ્તમાં લગ્ન થઈ શકતા નથી. ત્યાર બાદ જુન મહિનામાં તા.૨૯, ૩૦ તેમજ જુલાઈ મહિનામાં તા.૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ લગ્નના મુહુર્તો છે. ધનારક એટલે કે ધન રાશીના સુર્ય દરમ્યાન સુર્ય ઉપાસના કરવી ઉત્તમ ગણાય છે.

આ વર્ષે મકરસંક્રાંતિ તા.૧૪-૧-૨૪ને રવિવારે રાત્રે ૨-૪૪ કલાકે સુર્ય મકર રાશીમાં પ્રવેશ કરતો હોવાથી આ વર્ષે ધાર્મિક મકરસંક્રાંતી તા.૧૫ જાન્યુઆરી ૨૦૨૪ને સોમવારે મનાવવાની રહેશે. આ દિવસે સ્નાન, દાન અને પુજાનું મહત્વ રહેશે.

- શાસ્ત્રી રાજદીપ જોષી

### આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

તમારો આહાર જ તમારી ઔષધિ છે.

- શ્રી રામશર્મા આચાર્ય

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.તીર-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, માગસર સુદ-૧ ઈષ્ટી, માર્તંડ ભૈરવષડ્રાત્રોત્સવારંભ તા.૧૩ ડિસેમ્બર ૨૦૨૩, બુધવાર, પારસી તા.૩૦, મુસ્લિમ તા.૨૯, જયેષ્ઠા નક્ષત્ર, શૂળ યોગ, કિંસ્તુઘ્ન કરણ, સૂ.ઉ.૭:૨૪, સૂ.અ.૬:૦૬

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય), સવારે ૧૧:૦૫ ક. પછી જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મોઢે આવેલો કોળિયો છીનવાઈ જાય. પડવા-વાગવાથી સંભાળવું.
વૃષભ:આરોગ્ય અંગે સાવચેત રહેવું હિતાવહ. અણધાર્યો લાભ થાય.
મિથુન:શત્રુઓ નમતા આવે. મનની મુરાદ બર આવે.
કર્ક: કાર્યબોજમાં વધારો થાય. વાણી સંયમ જાળવવો હિતાવહ.
સિંહ: મહત્વના પ્રશ્નોમાં ગુંચવણ પેદા થાય. પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને.
કન્યા: મિલ્કતને લગતા પ્રશ્નોમાં વિઘ્ન આવે. પ્રવાસ દ્વારા લાભ મળે.
તુલા: મનમાં ચંચળતા રહે. કાર્યબોજમાં વધારો થાય.
વૃશ્ચિક:વાદ-વિવાદથી દૂર રહેવું હિતાવહ. સંતાન બાબતે ચિંતા રહે.
ધન: ભાગીદારી કે જીવનસાથી સાથે મતભેદ રહે. મનમાં અશાંતિ અનુભવાય.
મકર: લાભની તક મળે. મહત્વની કામગીરીમાં પ્રગતિ થાય.
કુંભ: ગૃહજીવનમાં આનંદ-ઉત્સાહ રહે. માંગલિક કાર્યનું આયોજન થાય.
મીન: અણધાર્યો પ્રવાસ થાય. નવિન ખરીદીના યોગ છે.

### બિકાનેર પાક. સરહદથી લગભગ ૨૦૦ કિમી દૂર છે

# નર એરબેઝ પર તેજસ એમકે-૧એ પ્રથમ સ્ક્વોડ્રનને તૈનાત કરાશે

## એરફોર્સ તેજસ એમકે-૧એ ફાઈટર જેટની તૈનાતીથી ફ્લાઈંગ કોફિન ફલીટને તેજસથી બદલવા માંગે છે

નવી દિલ્હી, તા.૧૩

રાજસ્થાનનું બિકાનેર શહેર પાકિસ્તાન સરહદથી લગભગ ૨૦૦ કિલોમીટર દૂર છે. આ જ શહેરમાં ભારતીય વાયુસેનાનું મુખ્ય બેઝ નર એરબેઝ છે. ઈન્ડિયન એરફોર્સે કહ્યું કે તે તેજસ એમકે-૧એફાઈટર જેટના પ્રથમ સ્ક્વોડ્રનને આ જ એરબેઝ પર તૈનાત કરશે. આનાથી ભારતીય વાયુસેના અને દેશને શું ફાયદો થશે? નલ એરબેઝ પર મિગ ૨૧ (મિગ-૨૧ ફાઈટર જેટ)ના સ્કવોડ્રન તૈનાત છે. તેજસએમકે-૧એ ફાઈટર જેટની તૈનાતીથી ફલાઈંગ કોફિન ફલીટને તેજસથી બદલવા માંગે છે.

હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (એચએએલ) ને સંપૂર્ણ વિશ્વાસ છે કે વાયુસેનાને આવતા વર્ષે ફેબ્રુઆરી અને માર્ચની વચ્ચે પ્રથમ તેજસ એમકે-૧એફાઈટર જેટ મળી જશે. ૨૦૨૫ સુધીમાં વાયુસેનાને વધુ ૨૪ ફાઈટર જેટ મળી જશે. એચએએલ ૮૩ એ તેજસ એમકે-૧એફાઈટર જેટનું ઉત્પાદન શરૂ કરી દીધુ છે. તે ઈન્ડિયન એરફોર્સને આ ફાઈટર જેટ સમયસર આપી દેશે.

બિકાનેરના નલ એરબેઝથી પાકિસ્તાન બોર્ડરનું અંતર લગભગ ૧૯૭-૨૦૦ કિલોમીટર છે. એટલે કે યુદ્ધની સ્થિતિમાં તેજસ ફાઈટર જેટ માત્ર ૫ મિનિટમાં બોર્ડર પર પહોંચી જશે. એનો અર્થ એ કે દુશ્મન પર તાત્કાલિક હુમલાની સ્થિતિમાં આ ફાઈટર જેટ હંમેશા તૈયાર રહેશે. આ ઉપરાંત પાકિસ્તાનના પ્રમુખ શહેરો પણ આ ફાઈટર જેટની રેન્જમાં આવે છે. જેમ કે- મુલતાન ૨૯૪ કિમી, લાહોર ૪૦૨ કિમી, ઈસ્લામાબાદ ૬૩૦ કિમી, પેશાવર ૬૮૭ કિમી, મુઝફ્ફરાબાદ ૭૦૪ કિમી અને કરાચી ૭૧૯ કિમી.

૪૩.૪ ફૂટ લાંબા તેજસ એમકે-૧આઈફાઈટર જેટની ઊંચાઈ ૧૪.૫ ફૂટ છે. તેમાં ૨૪૫૮ કિગ્રા ફ્યૂલ આવે છે. મહત્તમ સ્પીડ ૧૯૮૦ કિમી પ્રતિ કલાક છે. એટલે કે અવાજની ગતિ કરતાં દોઢ ગણી વધારે. મહત્તમ ૫૩ હજાર કિમીની ઊંચાઈ સુધી પહોંચી શકે છે. ગ્લાસ કોકપીટ હોવાના કારણે પાઈલટ માટે ચારે બાજુ જોવાનું સરળ બને છે. આ નાનુ અને મલ્ટી-રોલ સુપર સોનિક એરક્રાફઅટ છે. તેમાં ૮ હાઈપ્વોઈન્ટસ છે. એટલે કે, ૮ અલગ-અલગ પ્રકારના હથિયાર લગાવી શકાય છે. તેમાં જી-૮ રોકેટ્સના પોડ્સ લગાવી શકાય છે. હવાથી હવામાં પ્રહાર કરતી મિસાઈલો આર-૭૩, આઈ-ડર્બી, પેટીહોન-૫ લાગેલ છે. ભવિષ્યમાંએએસઆરએએમ, એએસટીઆરએએમએઆરકે ૧ અને આર-૭૭નું પ્લાનિંગ છે. હવાથી જમીન પર પ્રહાર કરતી મિસાઈલો કેએચ-૫૯એમઈ, કેએચ-૫૯એલ, કેએચ-૫૯ટી, એએએસએમ-હામેરલાગેલી છે. બ્રાહમોસ-એનજી એલકમને લગાવવાની યોજના છે.

એન્ટી રેડિએશન મિસાઈલ રુદ્રમને લગાવવામાં આવશે. હાલમાં તેમાં એન્ટી-શિપ મિસાઈલ કેએચ-૩૫ અને કેએચ-૫૯એમકેલાગેલી છે.

# રાજકોટના હીરાસર એરપોર્ટથી શરૂ થયેલી ઉદયપુરની ફલાઈટ માત્ર ચાર માસમાં જ બંધ થતાં લોકોમાં નિરાશા



અમદાવાદ, તા.૧૩ સૌરાષ્ટ્રવાસીઓ માટે એક ખરાબ સમાચાર સામે આવ્યા છે. રાજકોટના હીરાસર એરપોર્ટથી શરૂ થયેલી ઉદયપુર સુધીની ફલાઈટ હવે માર્ચ ૨૦૨૪ સુધી બંધ રહેશે. જેના લીધે રાજકોટવાસીઓમાં નિરાશા વ્યાપી ગઈ છે. હકીકતે આ મામલે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ સહિતના સંગઠનો રજૂઆતો કરવામાં આવી હતી. જેના પગલે રાજકોટના હીરાસર એરપોર્ટથી સીધી કનેકટેડ ફલાઈટ ઉદયપુર સુધીની શરૂ થઈ હતી. આ ફલાઈટ ઓગસ્ટ માસમાં જ શરૂ થઈ હતી. જોકે, માત્ર ૪ માસમાં જ ફલાઈટ કેન્સલ થતા હવે સૌરાષ્ટ્રવાસીઓમાં નિરાશા વ્યાપી છે. માહિતી પ્રમાણે ૧૫ ડિસેમ્બરથી માર્ચ ૨૦૨૪ સુધી આ ફલાઈટ બંધ રહેશે. મહત્વનું છે કે કેટલાક સમય પહેલા જ રાજકોટમાં ગ્રીન ફીલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ શરૂ થયું છે. અહીં હાલના દિવસોમાં વિન્ટર શેડ્યુલની ફલાઈટની સંખ્યાઓમાં વધારો ઘટાડો થતો રહ્યો છે. આ ઉપરાંત આ જ શેડ્યુલમાં સામેલ સવારની એર ઈન્ડિયાની ફલાઈટ આજે બે મહિના બાદ પણ શરૂ નથી થઈ. એટલામાં વધુ એક ચાલુ ફલાઈટ બંધ થવાના સમાચાર સામે આવતા રાજકોટવાસીઓ સહિત સૌરાષ્ટ્રમાં નિરાશાનો માહોલ છે. ૧૫મી ડિસેમ્બરથી ઉદયપુરની સીધી હવાઈ સેવા બંધ થઈ રહી છે. રાજકોટ ડેઈલી સવારે ઉડતી સીધી ઉદયપુરની ફલાઈટ ૧૫મી ડિસેમ્બર વન સ્ટોપ મુંબઈ થઈ ઉડશે. રાજકોટમાં વેપારી સંગઠનોની માગને અનુલક્ષીને ઈન્ડિગો એરલાઈન્સ કંપનીએ રાજકોટથી ઉદયપુરની ડેઈલી હવાઈ સેવા ગત તા.૨૧મી ઓગસ્ટ-૨૦૨૩થી શરૂ કરીર હતી, જે આગામી તા.૧૫ ડિસેમ્બરથી બંધ થશે. ઈન્ડિગો એરલાઈન્સના અધિકારીના જણાવ્યા મુજબ, વિન્ટર શિડ્યુલમાં વાતાવરણમાં ધુમ્મસને કારણે હવાઈ ઉડાનમાં ફેરફારો થતા હોય છે. આ ઉપરાંત અલગ-અલગ ફલાઈટ્સનો સ્લોટ પણ જાળવવાનો હોય ત્યારે તમામ બાબતોને ધ્યાનમાં રાખી રાજકોટથી ઉદયપુરની ફલાઈટ ૧૫મી ડિસેમ્બરથી બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. જે ફલાઈટ માર્ચ ૨૦૨૪ સુધી બંધ રહેશે. આમ હાલમાં રાજકોટવાસીઓને ઉદયપુર સુધી જે સીધી ફલાઈટની કનેક્ટિવિટીની સુવિધા મળતી હતી તે હવે ગણતરીના દિવસોમાં બંધ થવા જઈ રહી છે. જો કે આ મામલે વધુ એક અપડેટ એવી પણ છે કે રાજકોટથી સીધી ફલાઈટના સ્થાને હવે વન સ્ટોપ મુંબઈ થઈ ઉદયપુર પહોંચી શકાશે. રાજકોટથી સવારે દિલ્હી જવા માટે એક પણ ફલાઈટ નહીં હોવાથી ઈન્ડિગો એર લાઈન્સ કંપનીએ સવારની દિલ્હી સેવા સાથે ડેઈલી હૈદરાબાદ અને કોલકાતા સેક્ટર શરૂ કરવાર સર્વે હાથ ધર્યો હોવાનું જાણવા મળેલ છે. આગામી દિવસોમાં સવારની ડેઈલી દિલ્હી સેવાર શરૂ કરવા એરપોર્ટ ઓથોરીટી પાસેથી સ્લોટ મેળવવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે એવી માહિતી મળી છે.

# સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશે ઓનલાઈન ઉત્પીડન અંગે ચિંતા વ્યક્ત કરી

નવી દિલ્હી તા.૧૩ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ હિમા કોહલીએ શનિવારે સોશિયલ મીડિયા દ્વારા જાતીય સતામણીના વધતા વલણ અંગે તેમની ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે ડીપફેક ટેક્નોલોજીનો ઉદભવ ગ્રાઉન્ડ બ્રેકિંગ છે પરંતુ તે ગોપનીયતાના આક્રમણ, સુરક્ષા જોખમો અને ખોટી માહિતીના પ્રચાર અંગે ચિંતા વધારે છે. સતામણી અને ભેદભાવના વિષય ઉપર એક કાર્યક્રમમાં જસ્ટિસ કોહલીએ કહ્યું કે સમકાલીન ડિજિટલ લેન્ડસ્કેપમાં, સોશિયલ મીડિયાના ઉદયથી માત્ર લોકોની વાતચીત કરવાની રીત જ બદલાઈ નથી, પરંતુ સતામણી અને ખાસ કરીને લિંગ-આધારિત દુર્વ્યહાર પણ વધ્યો છે. ડીપફેક ટેકનોલોજીનો ઉદભવ, જે એક પ્રકારની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ છે તે ચિંતાનું કારણ છે. અત્યંત વાસ્તવિક સામગ્રી સરળતાથી બનાવવાની તેની સંભવિતતા મનોરંજનના ક્ષેત્રમાં ગ્રાઉન્ડ બ્રેકિંગ છે પરંતુ તે ગોપનીયતાના આક્રમણ, સુરક્ષાને લગતી ચિંતાઓ પણ ઊભી કરે છે. તે ખોટી માહિતીનો પ્રચાર કરે છે. જસ્ટિસ કોહલીએ જણાવ્યું હતું કે, ડીપફેક દ્વારા ઉભો થયેલો સૌથી મોટો ખતરો એ ખોટી માહિતી ફેલાવવાની તેમની ક્ષમતા છે જે વિશ્વાસપાત્ર સ્ત્રોતોમાંથી આવે છે. સતામણી માટે એક સમયે મુખ્યત્વે ઓફિસની જગ્યાઓ અને કાર્યસ્થળની ભૌતિક મર્યાદા હતી, હવે તે વર્ચ્યુઅલ થાય છે જ્યાં અમારા વ્યાવસાયિક અને વ્યક્તિગત જીવન એકબીજા સાથે ક્રિયાપ્રતિક્રિયા કરે છે. આ પ્રગતિ એક સગવડતા હોવા છતાં, ડિજિટલ યુગની નબળાઈઓ પણ છે. આજના વર્ચ્યુઅલ વાતાવરણમાં વ્યક્તિ કોઈપણ સમયે અને ગમે ત્યાં ઓનલાઈન કામ કરવાની તકો મેળવે છે. ડિજિટલ પ્લેટફોર્મની વિશેષતાઓ સાથે તે ઉત્પીડનની ગંભીરતાને વિસ્તૃત કરે છે. જસ્ટિસ કોહલીએ કહ્યું કે સોશિયલ મીડિયાના ક્ષેત્રમાં, હાનિકારક સામગ્રી ઝડપથી ફેલાય શકે છે. વર્ચ્યુઅલ હેરેસમેન્ટની ઘણીવાર ઓફલાઈન કરતાં સમાન રીતે નુકસાનકારક હોઈ શકે છે. તે એવા વાતાવરણને ઉત્તેજન આપે છે જ્યાં અનામી ગુનેગારો ચિંતા વિના કાર્ય કરી શકે છે. તેનાથી વિપરીત, પીડિતો એકલતા અને અસહાયતાની તીવ્ર લાગણી અનુભવી શકે છે. જસ્ટિસ કોહલીએ જણાવ્યું હતું કે ઓનલાઈન હેરેસમેન્ટના બહુપક્ષીય પડકારો માટે ડિજિટલ પ્લેટફોર્મની ઊંડી સમજણ જરૂરી છે કારણ કે સશક્તિકરણના સાધનોનો દુરૂપયોગ પણ છે. આ દુરૂપયોગમાં બ્લેકમેઈલિંગ, વ્યક્તિની પ્રતિષ્ઠાને હાનિ અથવા સાયબર ધમકીઓનો સમાવેશ થાય છે. આ મુદ્દાઓને ઉકેલવા માટે, એક સર્વગ્રાહી અભિગમ જરૂરી છે

# માતા-પિતાએ ચેતવા જેવું : કેનેડામાં કેટલાક ગુજરાતી વિદ્યાર્થીઓ કેસિનોના રવાડે ચડ્યા

**માતા-પિતાની સાથે રહેતા સંતાનોને તેમના ડર અને શરમ બંને હોય છે અને તેના કારણે તેઓ કંઈ પણ ખોટું કરતા અચકાય છે અનેક અપેક્ષાઓ અને ઉજ્જવળ ભવિષ્યની કામના સાથે માતા-પિતા સંતાનોને વિદેશ મોકલે છે પણ પશ્ચિમી સંસ્કૃતિની અસર હેઠળ કેટલાક વિદ્યાર્થીઓ ઊંધા રવાડે ચડી જાય છે**



અમદાવાદ, તા.૧૩ ગુજરાતથી દર વર્ષે કેનેડા જનારા વિદ્યાર્થીઓનો આંકડો હજારોમાં થાય છે અને આ સંખ્યા સતત વધતી જ જાય છે. આજથી પાંચેક વર્ષ પહેલા સ્ટૂડન્ટ્સ ગ્રેજ્યુએટ થયા બાદ ૨૦-૨૨ વર્ષની ઉંમરે કેનેડા જતાં હતાં પરંતુ હવે બારમું ધોરણ પાસ થનારા ૧૮-૧૯ વર્ષના છોકરા-છોકરીઓને પણ તેમના મા-બાપ હોંશે-હોંશે કેનેડા કે પછી બીજા કોઈ દેશમાં ભણવા માટે મોકલી રહ્યા છે. પોતાના સંતાનને લાખો રૂપિયા ખર્ચ કરીને વિદેશ મોકલતા દરેક મા-બાપની ઈચ્છા હોય છે કે તેમનો દીકરો કે દીકરી વિદેશ જઈને સારૂં શિક્ષણ પ્રાપ્ત કરે અને ભણવાનું પૂરૂં થાય બાદ ત્યાં જ જોબ શોધીને સેટલ પણ થઈ જાય. એક તરફ મા-બાપ અનેક આશા અને અપેક્ષા સાથે પોતાના સંતાનોને કેનેડા જેવા દેશમાં મોકલે છે, પરંતુ ત્યાં તેમના સંતાનો કેવી સ્થિતિમાં રહે છે, બરાબર ભણે છે કે નહીં અને તે કોઈ ખોટી સોબતમાં આવી ગયા છે કે નહીં તેમની સાચી માહિતી બાળકોથી હજારો કિલોમીટર દૂર રહેતા મા-બાપને ભાગ્યે જ મળતી હોય છે. મા-બાપની સાથે રહેતા સંતાનોને તેમના ડર અને શરમ બંને હોય છે, અને તેના કારણે તેઓ કંઈ પણ ખોટું કરતાં અચકાય છે. જો કે, વિદેશની ધરતી ઉપર મા-બાપ કે પછી રોકટોક કરવાવાળું બીજું કોઈ ના હોવાથી કુમળીવયે જે કરવું હોય તે કરવાની આઝાદી ધરાવતા દેશમાં પહોંચતા બાળકો ક્યારેક ખોટા લોકોની સોબતમાં આવી જતાં હોય છે, અને એવી ખરાબ આદતોનો શિકાર બની જતાં હોય છે કે તેના કારણે તે પોતે તો બરબાદ થાય જ છે, પરંતુ સાથે જ તેમના પરિવારને પણ તેની સજા ભોગવવી પડે છે. વર્ષોથી કેનેડાનાં ટોરેન્ટોમાં સેટલ થયેલા અને પોતાનો બિઝનેસ ધરાવતા એક દર્શકે કેનેડામાં આવેલા ગુજરાતી વિદ્યાર્થીઓ ત્યાં કેસિનોના રવાડે ચઢીને કઈ રીતે ખુંવાર થઈ રહ્યા છે તેનો ચોંકાવનારો અનુભવ શેર કર્યો છે. પોતાનીસગી આંખે યુવાનોને બરબાદ થતાં જોનારા આ વ્યક્તિ પોતાનું નામ જાહેર કરવા નથી ઈચ્છતા, પરંતુ તેમણે જે કંઈ માહિતી સાથે શેર કરી છે તે પોતાના સંતાનને કેનેડા મોકલનારા કોઈપણ માબાપને વિચારતા કરી મૂકે તેવી છે. કેનેડા ભણવા જતાં મોટાભાગનાં વિદ્યાર્થીઓ મોટાશહેરોમાં જતાં હોય છે, અને આ શહેરોમાં કેસિનો પણ મોટાપાયે ધમધમતા હોય છે. કેસિનોમાં જતાં ગુજરાતી વિદ્યાર્થીઓ પહેલા તો માત્ર મોજમજા કરવા જાય છે, પરંતુ ધીરે-ધીરે તેમને તેની આદત થતી જાય છે. મોટાભાગના વિદ્યાર્થીઓ તો પોતે હારેલા પૈસા રિકવર કરવાની ગણતરી સાથે કેસિનો જતાં થઈ જાય છે, પરંતુ હાર્યો જુગારી બમણું રમે તેમ આ વિદ્યાર્થીઓ પોતે હારેલા સો ડોલર રિકવર કરવા બસો ડોલર હારે છે અને પછી તે જ બસો ડોલર રિકવર કરવા માટે ફરી ૪૦૦ ડોલર હારે છે અને આમને આમ તે દેવાની જાળમાં ફસાતા જાય છે. ગુજરાતી વિદ્યાર્થીઓ કેનેડાના લોકોને જોઈને કેસિનોમાં જતાં શીખે છે પરંતુ કેનેડાના લોકો ત્યાં માત્ર મોજમજા કરવા જાય છે જ્યારે ગુજરાતીઓ કેસિનોને મનોરંજનને બદલે કમાણીનું સાધન ગણતા હોય તેમ આખો દિવસ મજૂરી કરી સાંજ પડે ૪૦-૫૦ ડોલર કમાવવાની લાલચમાં કેસિનો પહોંચી જાય છે અને પછી તેની જાળમાંથી ક્યારેય બહાર આવી જ નથી શકતા.

# માયાવતીના ૨૮ વર્ષીય ભત્રીજાને BSPમાં તેમના અનુગામી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા તે આકાશ આનંદ કોણ છે ?

(એજન્સી) તા.૧૩ બહુજન સમાજ પાર્ટી (B.S.P.) સુપ્રીમો માયાવતીએ તેમના ભત્રીજા આકાશ આનંદનું નામ તેમના અનુગામી તરીકે આપ્યું છે. આ જાહેરાત લખનૌમાં રવિવારે પાર્ટીની બેઠક દરમ્યાન કરવામાં આવી હતી જે B.S.P.ના ભાવિ નેતૃત્વ માટે વ્યૂહાત્મક પગલાને ચિહ્નિત કરે છે. આકાશ તેની ૬૭ વર્ષીય ફોઈ સાથે ચાર રાજ્યોમાં ચૂંટણી પ્રચારમાં ગયો હતો. આકાશને ઉત્તરાધિકારી તરીકે નિયુક્ત કરવાનો નિર્ણય મધ્ય પ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ અને તેલંગાણાની ચૂંટણીમાં પાર્ટીના નિરાશાજનક પ્રદર્શન પછી આવ્યો હતો. કોણ છે આકાશ આનંદ ? માયાવતીના નાના ભાઈ આનંદ કુમારના ૨૮ વર્ષીય પુત્ર આકાશ સોશિયલ મીડિયા ઉપર પોતાને બાબા સાહેબના વિઝનના યુવા સમર્થક તરીકે વર્ણવે છે અને તે શિક્ષણ, સશક્તિકરણ અને સમાનતા માટે છે. તેમણે ગુડગાંવની પાથવેઝ વર્લ્ડ સ્કૂલમાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યું અને ૨૦૧૬માં યુ.કે.ની યુનિવર્સિટી ઓફ પ્લાયમાઉથમાંથી બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં બેચલર ડિગ્રી મેળવી. તેમણે ૨૦૧૭માં રાજકારણમાં પ્રવેશ કર્યો અને ૨૦૧૯માં માયાવતીએ તેમને B.S.P.ના રાષ્ટ્રીય સંયોજક તરીકે નિયુકત કર્યા. તેમની LinkedIn પ્રોફાઈલ અનુસાર તેમણે ૨૦૧૬માં D.J.T. કોર્પોરેશન અને ઈન્વેસ્ટમેન્ટ કંપનીની સ્થાપના કરી હતી. આ વર્ષે માર્ચમાં તેમણે B.S P. નેતા અશોક સિદ્ધાર્થની પુત્રી પ્રજ્ઞા સાથે લગ્ન કર્યા જેઓ માયાવતી સાથે ગાઢ સંબંધો ધરાવે છે. B.S.P. સુપ્રીમોએ અગાઉ આકાશને તાજેતરની વિધાનસભા ચૂંટણી દરમ્યાન સંભવિત નેતૃત્વ સંક્રમણની અપેક્ષા સાથે પક્ષની જવાબદારીઓ સોંપી હતી. જાહેર નિવેદનો ટાળવા માટે જાણીતા આનંદે તાજેતરમાં જ ખુલ્લેઆમ પોતાના વિચારો વ્યક્ત કરવાનું શરૂ કર્યું છે. ભીમ આર્મીના વડા ચંદ્રશેખર અંગેની તેમની ટિપ્પણીએ રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી છે.

# વિશ્વાસ કરો પરંતુ ચકાસણી પણ જરૂરી છે : ફૂલપ્રૂફ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન માટે સુધારાની ભલામણો

**EVMને કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવે છે, જે લોકશાહી પ્રક્રિયામાં ભરોસાપાત્ર સાધન છે. પરંતુ તેના વિશે વારંવાર ઉઠતી શંકાઓને ધ્યાનમાં રાખીને, ભારતના ચૂંટણી પંચ દ્વારા ગંભીર હકારાત્મક પગલાં લેવાની જરૂર છે**



નવી દિલ્હી તા.૧૩ વિધાનસભા ચૂંટણીના તાજેતરના રાઉન્ડના પરિણામો આવતા જ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM)ની શક્યતા અને વિશ્વાસપાત્રતાની ચર્ચા ફરી શરૂ થશે. ઈવીએમનો ઉપયોગ ૧૯૯૮થી થઈ રહ્યો છે. આ અઢી દાયકામાં કોઈ સરકાર સત્તામાં સતત રહી નથી. રાજકીય પક્ષો નિયમિત સમયાંતરે ચૂંટણી જીત્યા અને હાર્યા છે. સરકારો આવી અને ગઈ. જો મશીનો હેક કરી શકાય તેવા હોત તો જે સરકાર હેઠળ મશીનો સૌપ્રથમ બનાવવામાં આવી હતી તે ચૂંટણી હારી ન હોત. સૌથી નોંધપાત્ર બાબત એ છે કે, શક્તિશાળી શાસક પક્ષ, ભાજપ, કર્ણાટક અને હિમાચલ પ્રદેશમાં અને અગાઉ, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં થોડા મહિના પહેલાં જ હારી ગયું હતું. તેનાથી વધુ સારી સાબિતી હોઈ શકે ? વિવિધ ગેરરીતિઓ જેમ કે મતની હેરાફેરી, બનાવટી મતદાન, બૂથ કેપ્ચર અને કાગળના મતપત્રોને હેન્ડલ કરવાની સમય લેતી પ્રક્રિયાને અસર થઈ હતી. હજારો અમાન્ય મતો પણ હતા. વધુમાં, ચૂંટણીઓ દરમિયાન ઉપયોગમાં લેવાતા કાગળના સંપૂર્ણ જથ્થાએ પર્યાવરણીય અસર અને સંસાધનોના બગાડ અંગે ચિંતાઓ ઊભી કરી હતી. આ પડકારોના જવાબમાં, ભારતીય ચૂંટણી પંચ (ECI)એ નાગરિકો માટે તેમના મતદાન અધિકારોનો ઉપયોગ કરવા માટે વધુ કાર્યક્ષમ અને સુરક્ષિત પદ્ધતિની માંગ કરી. EVMના વિકાસની જવાબદારી BEL (ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ) અને ECIL (ઈલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ)ને સોંપવામાં આવી હતી. EVMનો ઉપયોગ ૧૯૮૨માં કેરળમાં ઉત્તર પરૂર વિધાનસભા મતવિસ્તારની પેટાચૂંટણી દરમ્યાન થયો હતો, ત્યારબાદ દિલ્હી, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં પસંદગીના મતવિસ્તારોમાં સફળ ટ્રાયલ કરવામાં આવી હતી. આ પ્રયોગોના સકારાત્મક પરિણામોએ EVMને વ્યાપક રીતે અપનાવવાનો માર્ગ મોકળો કર્યો. ૧૯૯૮થી, તમામ રાજ્યોની ચૂંટણીઓ EVM દ્વારા યોજાય છે. ૨૦૦૪માં લોકસભાની ચૂંટણીઓ માટે વિશિષ્ટ રીતે EVMનો ઉપયોગ કરવાના નિર્ણાયક નિર્ણયે પરંપરાગત પેપર બેલેટ સિસ્ટમને વિદાય આપતા પરિવર્તનશીલ પરિવર્તન થયું. EVM માટે લાગુ કરાયેલા સુરક્ષા પગલાં વ્યાપક ચારસ્તરના માળખા ઉપર કાર્ય કરે છે. સુરક્ષાના આ સ્તરોને ઓળખવા અને સમજવું મહત્વપૂર્ણ છે.

**ટેકનિકલ સેફગાર્ડ્સ :**

EVM ખાસ કરીને બે અગ્રણી કેન્દ્રીય જાહેર ક્ષેત્રના ઉપક્રમો, BEL અને ECIL દ્વારા ઉત્પાદિત કરવામાં આવે છે, જે ઉચ્ચ-સુરક્ષા સંરક્ષણ સાધનોના ઉત્પાદન માટે પ્રખ્યાત છે. કાર્યરત સોફ્ટવેર એક ઝીણવટભરી પ્રક્રિયામાંથી પસાર થાય છે, તેને એક વખતની પ્રોગ્રામેબલ/માસ્કડ ચિપ ઉપર બર્ન કરવામાં આવે છે, જે તેને ફેરફાર અથવા છેડછાડ માટે અભેદ્ય બનાવે છે. મહત્ત્વની વાત એ છે કે, આ મશીનો સંપૂર્ણપણે બિન-નેટવર્કવાળા છે, અન્ય મશીનો અથવા સિસ્ટમો સાથેના કોઈપણ વાયર્ડ અથવા વાયરલેસ કનેક્શન હેકિંગને અટકાવે છે.

**વાહનવ્યવહાર અને સંગ્રહના તમામ તબક્કે ફૂલ-પ્રૂફ રક્ષણાત્મક કસ્ટડી :**

સુરક્ષિત સ્ટોરેજ રૂમથી મતદાન મથકો સુધી દરેક તબક્કે EVMનું પરિવહન ફૂલપ્રૂફ રક્ષણાત્મક પગલાંમાંથી પસાર થાય છે. આમાં ત્રણ સ્તરની તપાસ જેમાં મતદાનના દિવસેનો સમાવેશ થાય છે, જે તમામ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની જાગ્રત નજર હેઠળ હાથ ધરવામાં આવે છે. પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવા માટે સમગ્ર પ્રક્રિયાનું વીડિયો રેકોર્ડિંગ દ્વારા દસ્તાવેજીકરણ કરવામાં આવે છે. જે રૂમમાં ઈવીએમનો સંગ્રહ કરવામાં આવે છે તે અર્ધ લશ્કરી દળો દ્વારા સીલ કરવામાં આવે છે અને તેની રક્ષા કરવામાં આવે છે. રાજકીય પક્ષોને આમંત્રણ આપ્યા વિના કોઈ રૂમ ખોલી શકાય નહીં.

**તકનીકી સલાહકાર સમિતિ દ્વારા સ્વતંત્ર દેખરેખ :**

એક સ્વાયત્ત તકનીકી સલાહકાર સમિતિ, જેમાં પાંચ અલગ-અલગ ભારતીય ટેકનોલોજી સંસ્થાનના પાંચ પ્રોફેસરોનો સમાવેશ થાય છે, તે સંપૂર્ણ EVM પ્રક્રિયાની દેખરેખ કરે છે.

**ન્યાયિક સમીક્ષા :**

ECI-EVMની કામગીરીને સુપ્રીમ કોર્ટ સહિત અનેક અદાલતો સમક્ષ પડકારવામાં આવી છે, જેઓ ટેકનિશિયન અને કોમ્પ્યુટર નિષ્ણાતોની તપાસ કર્યા પછી, EVMની બિન-ટેમ્પરેબિલિટી અંગે સંતુષ્ટ થયા હતા. સર્વોચ્ચ ન્યાયિક પરીક્ષણ સર્વોચ્ચ અદાલત દ્વારા કરવામાં આવ્યું હતું. (સુબ્રમણ્યમ સ્વામી વિરૂધ્ધ ECI, 2013). એવી દલીધ્ કરવામાં આવી હતી કે ઈવીએમને સંપૂર્ણપણે ટેમ્પર-પ્રૂફ બનાવવા અને પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે, VVPAT (વોટર વેરિફાઈબલ પેપર ઓડિટ ટ્રેલ) આવશ્યક છે. ECIએ સુપ્રીમ કોર્ટને જાણ કરી હતી કે, ઓક્ટોબર ૨૦૧૦માં સર્વપક્ષીય બેઠકમાં EVM રજૂ કરવાનું સૂચન કર્યા પછી, તેણે પહેલેથી જ તેના ઉપર કામ કર્યું હતું, અને તેની ટેકનિકલ સલાહકાર સમિતિએ ૨૬ મે, ૨૦૧૧ના રોજ તેની ડિઝાઈનને મંજૂરી આપી દીધી હતી. પાંચ આબોહવા ઝોનમાં ક્ષેત્ર પરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. સર્વોચ્ચ અદાલતે ECILના વ્યવહારિકતા અને વાજબી અભિગમની પ્રશંસા કરી હતી. પેપર ટ્રેલ એ મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓની અનિવાર્ય આવશ્યકતા છે તેવા નિષ્કર્ષ ઉપર આવતા, કોર્ટે ભારત સરકારને VVPAT મશીનોની પ્રાપ્તિ માટે જરૂરી ભંડોળ પૂરૂ પાડવા માટે "નિર્દેશ" આપ્યો હતો. કોર્ટે ECIને તબક્કાવાર મશીનો રજૂ કરવાની મંજૂરી આપી હતી, ત્યારથી દેશભરમાં ઈવીએમનો ઉપયોગ થઈ રહ્યો છે. સલામત રેકોર્ડ હોવો મહત્વપૂર્ણ છે. મતદાતા પોતાની આંખોથી જોઈ શકે કે મત ખરેખર તેણે પસંદ કરેલા ઉમેદવારને જઈ રહ્યો છે તે માટે પ્રિન્ટર ઉપર નાની સ્ક્રીનના રૂપમાં "મતદારની ચકાસણીક્ષમતા" રજૂ કરવામાં આવી હતી. "પેપર ઓડિટ ટ્રેઈલ" એ સ્લિપ છાપવામાં આવે છે અને સીલબંધ બોક્સમાં નાખવામાં આવે છે જે જરૂરિયાત મુજબ ગણી શકાય છે. હાલમાં, સુપ્રીમ કોર્ટના આદેશ હેઠળ, એસેમ્બલી સેગમેન્ટ દીઠ પાંચ મશીનોમાંથી સ્લિપ રેન્ડમ રીતે ગણવાની હોય છે. રાજકીય પક્ષો માંગ કરી રહ્યા છે કે ઓછામાં ઓછા ૩૦ ટકા અથવા ૫૦ ટકાની ગણતરી થવી જોઈએ. કેટલાક ૧૦૦ ટકા ગણતરી અથવા બેલેટ પેપર દ્વારા ચૂંટણીની માંગ કરે છે. ઈવીએમમાં અવિશ્વાસ વધી રહ્યો છે. લોકોનો વિશ્વાસ ગુમાવવો જોઈએ નહીં. ચૂંટણી પંચે આ અંગે ઈન્કાર કર્યો છે. આ માટે સર્વસંમતિ માટે સર્વપક્ષીય બેઠક બોલાવવી જોઈએ. છેલ્લા ઉપાય તરીકે, જો જનતાનો વિશ્વાસ મેળવવા માટે ૧૦૦ ટકા ગણવા પડે તો પણ તેઓએ તેનો વિચાર કરવો જોઈએ. જો તે થોડા વધારાના કલાકો અથવા તો એક દિવસ લે તો તેના માટે શું વાંધો છે? છેવટે, રાષ્ટ્ર મતદાનના પ્રથમ દિવસથી બે મહિનાથી વધુ સમય સુધી ગણતરીની રાહ જુએ છે. લોકશાહીમાં વિશ્વસનીયતા અને વિશ્વાસનું સર્વોચ્ચ મહત્વ છે, હિલેરી ક્લિન્ટને તેને સુવર્ણ ધોરણ તરીકે વર્ણવ્યું હતું. બીજો, ખૂબ સરળ, વૈકલ્પિક પ્રસ્તાવ મૂક્યો છે. ક્રિકેટમાં ડીઆરએસ (નિર્ણય સમીક્ષા પ્રણાલી)ની જેમ જ્યાં બંને ટીમોને બે અપીલની મંજૂરી આપવામાં આવે છે, તેવી રીતે એક મતવિસ્તારમાં ટોચના બે રનર્સ-અપ, જે પરિણામમાં સૌથી વધુ હિસ્સો ધરાવે છે, તેઓને શંકા હોય તેવા કોઈપણ બે VVPAT પસંદ કરે અને એસેમ્બલી દીઠ માત્ર ચાર મશીનો, હેતુપૂર્વક પસંદ કરવામાં આવે અને વર્તમાન રીતે રેન્ડમલી પસંદ કરેલ VVPAT ગણવા જોઈએ. "મતદારની ચકાસણીક્ષમતા" માટે બીજા સુધારાનું પણ સૂચન છે કે VVPAT સ્ક્રીન ઉપર લીલા અને લાલ બે બટનો ઉમેરો. મતદાર સંતુષ્ટ થઈ જાય પછી, તેઓને લીલું બટન દબાવવા દો ત્યારબાદ સ્લિપ સીલબંધ બોક્સમાં જમા થઈ જશે. નહિંતર, તેણીએ લાલ બટન દબાવવું જોઈએ. જો આવું થાય, તો મશીનની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે. જો ખામી સાબિત થશે, તો માત્ર મશીન બદલવામાં આવશે નહીં, પરંતુ મતવિસ્તારના તમામ મશીનો તપાસવા પડશે. તે સિસ્ટમમાં લોકોનો વિશ્વાસ પુર્નઃ સ્થાપિત કરશે. ઈવીએમ એ ભારતને ચૂંટણીમાં ગૌરવપૂર્ણ વૈશ્વિક નેતા બનાવ્યું છે. VVPATનો સમાવેશ કર્યા પછી, સિસ્ટમ હવે વધુ સુરક્ષિત છે. આ પ્રસ્તાવિત સુધારાઓ તેને વધુ ફૂલપ્રૂફ બનાવશે.

### ૧૦ ડીસેમ્બર માનવ અધિકાર દિવસ અન્વયે

# નયી ચેતના ૨.૦ અંતર્ગત "મહિલાઓ અને માનવ અધિકાર" વિષય ઉપર જાગૃતિ શિબિર યોજાઈ




જૂનાગઢ,તા.૧૩

૧૦ ડીસેમ્બરે સમગ્ર વિશ્વમાં "માનવ અધિકાર દિવસ" ની ઉજવણી કરવામાં આવે છે. સમગ્ર દુનિયાએ બે વિશ્વ યુદ્ધ જોયા છે. જેમાં લાખો નિર્દોષ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા અને છડે ચોક માનવ અધિકારોનું ઉલ્લંઘન થયું હતું. આ બધી બાબતોને ધ્યાને લઈને સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા માનવ અધિકારોનું આંતરરાષ્ટ્રીય ઘોષણાપત્ર જાહેર કરવામાં આવ્યું હતુ. જે વિશ્વના દેશોએ સ્વીકાર્યુ જેની યાદમાં દર વર્ષે ૧૦મી ડિસેમ્બરનાં રોજ માનવ અધિકાર દિવસ તરીકે ઉજવાય છે. જેનાં ભાગરૂપે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા **International Day for the Elimination of Violence Against Woman** નયી ચેતના ૨.૦ અંતર્ગત "મહિલાઓ અને માનવ અધિકાર" વિષય પર એક જાગૃતિ શિબિરનું આયોજન લો-કોલેજ જૂનાગઢ ખાતે કરવામાં આવ્યું હતું.

જેમાં વિદ્યાર્થીઓને જાતિગત સમાનતા, સાયબર ક્રાઈમ, મહિલાઓ સબંધી કાયદાઓ અંગે તજજ્ઞો દ્વારા માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એન.આર.વેકરીયા માસ્ટર ઓફ લો કોલેજના હેડ ડો.નિરંજનાબેન મહેતા દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું. સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનનાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર એન.એ.જોષી દ્વારા સાયબર ક્રાઈમનાં વિવિધ પ્રકારો, સોશિયલ મીડિયા દ્વારા કરવામાં આવતા અને ડિજિટલ ટેકનોલોજી દ્વારા આચરવામાં આવતા ગુનાઓ અને તેનાથી બચવા માટે સાવચેતીના પગલાંઓ વિશે તેમજ જો કોઈ સાયબર ક્રાઈમનો ભોગ બને તો શું કરવું? તે અંગે જાણકારી આપી હતી.

દહેજ પ્રતિબંધક સહ-રક્ષણ અધિકારી(ગ્રામ્ય) બી.ડી. ભાડ દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત ચાલતી વિવિધ યોજનાઓ જેવીકે સખી વન સ્ટોપ સેન્ટર, ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈન, પોલીસ સ્ટેશન બેઝડ સપોર્ટ સેન્ટર, બેટી બચાવો બેટી પઢાવો, વ્હાલી દીકરી યોજના વગેરે વિષે માહિતી આપી હતી.

દહેજ પ્રતિબંધક સહ-રક્ષણ અધિકારી(શહેરી) એમ.જી. વારસુર દ્વારા ઘરેલું હિંસા અધિનિયમ ૨૦૦૫ ની જરૂરિયાતથી લઈને તેની અમલવારી અંગે વિસ્તૃત માહિતી આપી હતી. લો-કોલેજના આચાર્ય ડો.પરવેઝ બ્લોચ દ્વારા માનવ અધિકાર અને મહિલાઓના અધિકારો વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડો.ચંદ્રેશ ભાંભી દ્વારા કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામણી અધિનિયમની વિવિધ જોગવાઈઓ, જાતિય ગુનાઓ સામે રક્ષણ આપતો અધિનિયમ (પોક્સો એક્ટ), મહિલાઓના બંધારણીય અધિકારો, જાતિય સતામણી તેમજ ભારતીય ફોજદારી કાયદાની મહિલા સુરક્ષાને લગતી વિવિધ કલમો અંગે ઉદાહરણો સાથે માહિતગાર કર્યા હતા. એન.આર.વેકરીયા લો-કોલેજના અધ્યાપકશ્રી ડો.સંજયકુમાર ધાનાણી દ્વારા કાર્યક્રમના અંતે તમામનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં લો કોલેજના ટ્રસ્ટી તેજભાઈ વેકરીયા, લો કોલેજના અધ્યાપક ડૉ.કલ્પનાબેન રાઠોડ, મુલાકાતી અધ્યાપક રવિ પરમાર, મહીલા અને બાળ અધિકારીની કચેરીના કર્મચારીઓ તથા લો-કોલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### 'આપણી વ્હાલી, આપણું ગૌરવ'

# વેરાવળ ફિશરિઝ કોલેજ ખાતે "વ્હેલ શાર્ક દિવસ-૨૦૨૩"ની ઉજવણી

## મહાનુભાવોના હસ્તે "વ્હાલી વ્હેલ શાર્ક-ગુજરાતનું દરિયાઈ વન્યજીવ ગૌરવ" પુસ્તિકાનું થયું વિમોચન કરાયું







વેરાવળ તા. ૧૩

ગુજરાત વન વિભાગ તેમજ વાઈલ્ડલાઈફ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા, પ્રોજેક્ટ પાર્ટનર ટાટા કેમિકલ્સ લિમિટેડ તેમજ ગુજરાત રાજ્યના દરિયાકિનારે વસતા માછીમાર સમુદાય સાથે મળીને ૧૬૦૦ કિ.મી લાંબા દરિયાકિનારે વ્હેલ શાર્કના સંરક્ષણ માટે ઘણી ઉત્તમ કામગીરી કરી છે. વ્હેલ શાર્કના સંરક્ષણ અને સંવર્ધન અંગે જાગૃતિ આવે તેવા હેતુસર ફિશરિઝ કોલેજ વેરાવળ ખાતે "ગુજરાત વ્હેલ શાર્ક દિવસ - ૨૦૨૩"ની ઉજવણી કરવામાં આવી હતી.

વ્હેલ શાર્ક માછલીને વનવિભાગના નિયમો હેઠળ રક્ષણ પણ આપવામાં આવ્યું છે. ગીર સોમનાથ જિલ્લાના વેરાવળમાં ફિશરીઝ કોલેજ ખાતે ચોકસી કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા 'સેવ ધ વ્હેલ શાર્ક' નાટકની પ્રસ્તુતી કરીને સરકારની દરિયાઈ પ્રવૃત્તિઓને સંલગ્ન વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી હતી.

આ તકે, વિવિધ તજજ્ઞોએ ટેક્નોલોજીના માધ્યમથી તેમજ વિવિધ ઉપકરણોના ઉપયોગથી વ્હેલ શાર્ક માછલીને કેવી રીતે બચાવી શકાય? તે અંગે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત મહાનુભાવોના હસ્તે "વ્હાલી વ્હેલ શાર્ક - ગુજરાતનું દરિયાઈ વન્યજીવ ગૌરવ" પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું.

મુખ્ય વન સંરક્ષક જુનાગઢ ડો.કે. રમેશે પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વની અંદર વ્હેલ શાર્ક બચાવવાના અથાગ પ્રયત્નો થઈ રહ્યા છે. તમામ વિશ્વના લોકોએ પોતાની ફરજ સમજીને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે શક્ય એટલા તમામ પ્રયત્ન કરવા જોઈએ. ભૂતકાળમાં આ પ્રજાતિનો ઘણો શિકાર થતો હતો પરંતુ છેલ્લા બે દાયકાઓમાં સ્થિતિમાં ઘણો જ બદલાવ આવ્યો છે અને સંરક્ષણમાં વધારો થયો છે. આ દિશામાં સરકાર દ્વારા પણ ઉત્તમ પગલાઓ લેવામાં આવ્યા છે. આ રીતે જ ઈકોસિસ્ટમને અનુસરી હળીમળીને પ્રયત્નો કરવાથી હજુપણ ઉત્તમ પરિણામો મેળવીશું એવી શુભકામના પાઠવી હતી. ઉલ્લેખનીય છે કે, વ્હેલ શાર્ક વિશ્વની સૌથી મોટી માછલી છે. જેનું આયુષ્ય ૭૦ થી ૧૦૦ વર્ષનું હોય છે. જે પોરબંદર-દ્વારકાથી માંગરોળ, સોમનાથ અને સુત્રાપાડાના દરિયામાં પ્રતિવર્ષ ઓક્ટોબરથી માર્ચ મહિનામાં નિયમિત રીતે ખોરાક મેળવવા અને બચ્ચાંઓને જન્મ આપવા આવતી હોય છે. સરકારે આ પ્રજાતિને કાયદાકિય સંરક્ષણ આપ્યું છે અને વિવિધ કાર્યક્રમોના માધ્યમથી લોકોમાં વધુને વધુ જાગૃતિ આવે એવા સઘન પ્રયત્નો થઈ રહ્યાં છે. આ કાર્યક્રમમાં મુખ્ય વન સંરક્ષક જુનાગઢ શ્રી ડો.કે રમેશ, નાયબ વન સંરક્ષક જુનાગઢ શ્રી અક્ષય જોશી, વેરાવળ રેન્જ ફોરેસ્ટ ઓફિસર શ્રી કે.ડી.પંપાણિયા, ફિશરિઝ કોલેજ પ્રિન્સિપલ શ્રી યુસુફઝઈ, ફિશરમેન એસોસિએશન પ્રમુખ તુલસીભાઈ ગોહેલ, વાઈલ્ડલાઈફ ટ્રસ્ટ ઓફ ઈન્ડીયા તેમજ ટાટા કેમિકલ્સના પ્રતિનિધિઓ, વનવિભાગ અને કોસ્ટગાર્ડના ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સગીરા સાથે દુષ્કર્મના ગુનામાં આરોપીને ૧૦ વર્ષની સખ્ત કેદની સજા ફટકારતી ઉનાની સ્પેશ્યલ પોકસો કોર્ટ

ઉના તા. ૧૩

ઉના તાલુકાના મોઠા ગામે ગત તા.૧૨/૧૨/૨૦૦૮ના રાત્રિના સમયે એક સગીર વયની બાળાને ઘરની બહાર કુદરતી હાજતે ગયેલી અને પરત આવતી હતી ત્યારે મોઠા ગામનો મસરી ઉર્ફે મુન્નો નોઘણ પરમાર મોટર સાયકલ પર આવી સગીરા પાસે ઊભી રાખી મારી મોટર સાયકલ પર બેસી જા મારે તારી સાથે લગ્ન કરવા છે. જો નહિ આવ તો અને લગ્ન નહી કરતો તારા ભાઈને જાનથી મારી નાખીશ તેમ કહી મોટર સાયકલ ઉપર બેસાડી અપહરણ કરી અને ઊના તાલુકાના નાદરખ ગામની સીમમાં સગીરા ઉપર દુષ્કર્મ કરેલ અને નાદરખ ગામમાં રહેતા નગુ દુદા પરમાર રે.મોઠાને બોલાવી બન્નેએ મોટરસાયકલ ઉપર સગીરાને બેસાડી સાળવા ગામની સીમમાં મૂકી ગયેલ અને મસરી પરમાર સગીરાને લઈ અમદાવાદ લઈ ગયેલ અને ત્યાં ૧૫દિવસ સુધી અવાર- નવાર સગીરા ઉપર દુષ્કર્મ કરેલ હતું. એક દિવસ સગીરાએ હિંમત કરી એક બહેનના મોબાઈલ ફોનમાંથી પિતાને ફોન કરી તમામ હકીકત જણાવતા તેમના પિતાએ તેના સગા સબંધીને ત્યાં લઈ ગયેલ અને પોતાના ગામ મોઠા લઈ આવેલ અને પિતાએ ઊના પોલીસમાં આરોપી સામે ફરિયાદ નોંધાવી હતી અને પોલીસે અપહરણ, દુષ્કર્મ, પોકસો, મદદગારી અને જાનથી મારી નાખવાની ધમકીની ફરિયાદ નોધી બે આરોપીને પકડી પાડયા હતા અને ઊના કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરતાં તેનો કેસ ઊના આવેલ સ્પેશ્યલ પોકસો કોર્ટમાં ચાલેલ અને સરકારી વકીલ મોહનભાઈ ગોહેલએ સગીરાનું નિવેદન ફરિયાદી, મેડિકલ ઓફિસર, પોલીસ અધિકારી, સાહેદની જુબાની એફ.એસ. એલ. ના રિપોર્ટ અને સગીરા સગીર વયની હોવાનુ સર્ટિ ફિકેટ રજૂ કરી હાઈકોર્ટના ચુકાદાઓ રજૂ કરી આરોપીને કડકમાં કડક નોંધપાત્ર સજા કરવા માંગણી કરી હતી.

ઊનામાં આવેલ સ્પેશ્યલ પોકસો કોર્ટના મહિલા જજ રેખાબેન આસોડીયાએ તમામ દલીલો પુરાવા માન્ય ગણી આરોપી મસરી ઊર્ફે મુન્નો નોઘણભાઈ પરમાર રે. મોઠાં તા. ઊનાવાળાને કસુરવાન ઠરાવી ૧૦ વર્ષ ની સખત કેદ ની સજા અને રૂપિયા ૧૦ હજાર દંડ ભરવા હુકમ કરેલ અને બીજા આરોપી નગું દૂદા પરમારને શંકાનો લાભ આપી છોડી મૂકવા હુકમ કરેલ હતો. કેસનો ચુકાદો આવ્યો તે દરમ્યાન આરોપી મસરી પરમાર જામીન ઉપર હોય તેથી તેમને પોલીસે પકડી જેલમાં મોકલી આપેલ હતો.

# કોડીનારમાં જરૂરિયાતમંદ ૨૬ દીકરીઓનો સમૂહ લગ્નોત્સવ યોજાયો

## શહેરની હરિઓમ સેવા ટ્રસ્ટ સંસ્થા દ્વારા દ્વિતીય સમૂહ લગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું, સામૈયુ, વિધિ, મહેમાન ભોજન,કરિયાવર સહિત સંપૂર્ણ વિધિઓ કરવામાં આવી




(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૧૩

ગીર સોમનાથના કોડીનાર ખાતે કોળી સમાજ ની ૨૬ જરૂરિયાતમંદ દીકરીઓના વિનામૂલ્યે લગ્નનું હરિઓમ સેવા ટ્રસ્ટ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં કોળી સમાજ ના લોકો અને અગ્રણીઓએ ઉત્સાહભેર ભાગ લધો હતો અને ૩ હજારથી વધુ લોકોએ સમૂહ ભોજન લીધું. કોડીનાર શહેર ખાતે હરિઓમ સેવા ટ્રસ્ટ દ્વારા કોળી સમાજની ૨૬ દીકરીઓના સમૂહ લગ્નનું ભવ્ય આયોજન થયું હતું. બીજી વખત યોજાયેલા આ સમૂહલગ્નમાં કોળી સમાજના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમાજની એકતા અને અખંડિતતાના અહીં દર્શન થયા હતા .વિનામૂલ્યે યોજાયેલા આ સમૂહલગ્નમાં કોળી સમાજની આર્થિક નબળા વર્ગની ૨૬ જેટલી દીકરીઓએ પ્રભુતામાં પગલાં પડ્યા હતા. કોરોના દરમ્યાન કોળી સમાજના અનેક પરિવારે પોતાના મોભી ગુમાવ્યા હતા. આ દરમ્યાન કેટલાક બાળકો પણ નોંધારા બની ગયા હતા. લગ્નની ઉંમરની દિકરીને વળાવવા, પરણાવવાની જવાબદારી નાના ભાઈઓ ઉપર આવી હતી. જો ઘરેથી લગ્ન કરે તો લાખોનો ખર્ચ થાય જે પરવડે નહીં. આ વિનામૂલ્યે સમૂહલગ્ન આવા પરિવારો માટે આશીર્વાદ સમાન નીવડ્યા હતા. આવા સમયે હરિઓમ સેવા ટ્રસ્ટના જે.કે. મેર, નરેશભાઈ ડાભી અને કનુભાઈ બાંભણીયા ભામાશા બનીને આગળ આવ્યા અને કોળી સમાજના પ્રથમ નિઃશુલ્ક સમૂહલગ્નનું આયોજન કર્યું હતું. આ સમુહલગ્નમાં દીકરીઓને સેટી પલંગ, ગાદલું, ઓશિકા, બાજોઠ, રજાઈ, ખુરશી,પાટલા, સોનાનો દાણો સહિતની અનેક ચીજ વસ્તુ કરિયાવરમાં સમૂહલગ્ન સમિતિ તેમજ કોળી સમાજ અને અન્ય સમાજના અગ્રણીઓ તરફથી આપવામાં આવી હતી. 'મુસાફિર ચલતા ગયા કારવા બનતા ગયા' તે મુજબ હરિઓમ સેવા ટ્રસ્ટના કાર્યકરોએ બીડું ઝડપ્યું અને સહકાર મળતો ગયો. સમાજમાં ખોટો ખર્ચ ન થાય અને શાસ્ત્રોક્ત વિધિ વિધાન સાથે ખુબજ ઓછા ખર્ચમાં સમૂહ લગ્ન સંપન્ન થાય તે ઉદ્દેશ અહીં સાર્થક થતો જોવા મળ્યો હતો. આ સમૂહ લગ્નોત્સવમાં જિલ્લામાંથી સંતો મહંતો દરેક સમાજના અગ્રણી આગેવાનો તેમજ જિલ્લાભરનાં કોળી સમાજના અગ્રણી આગેવાનો અને લોકો હાજર રહી નવદંપતીઓને આશીર્વાદ આપ્યા હતા.

# ગુજરાતમાં વીજ ક્ષેત્ર માટેની રિવેમ્પ ડિસ્ટ્રીબ્યૂશન સેક્ટર સ્કીમ હેઠળ રૂા.૧૬,૬૬૩ કરોડના ખર્ચને કેન્દ્ર સરકારની મંજૂરી

## ગુજરાતમાં કન્ઝ્યુમર સેગમેન્ટમાં કુલ ૧,૬૪,૮૧,૮૭૧ સ્માર્ટ મીટર માટે અનુમતિઃ રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીને વીજ તથા ન્યૂ અને રિન્યુએબલ એનર્જી મંત્રીનો પ્રત્યુત્તર

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૧૩

ગુજરાતમાં વીજ ક્ષેત્ર માટે રિવેમ્પ ડિસ્ટ્રીબ્યૂશન સેક્ટર સ્કીમ (**RDSS**) હેઠળ નાણાકીય વર્ષ (એફવાય) ૨૦૨૧-૨૨થી એફવાય ૨૦૨૫-૨૬ સુધીના પાંચના ગાળા દરમિયાન કુલ રૂ. ૧૬,૬૬૩ કરોડના ખર્ચને મંજૂરી આપી છે. ઈઠ્ઠજીજીનો ઉદ્દેશ વિતરણ ક્ષેત્રમાં નાણાકીય શિસ્તને લાગુ કરવા ઉપરાંત ઉપભોક્તાઓને સતત વીજ પૂરવઠો પૂરો પાડવાનો છે. રાષ્ટ્રીય સ્તરે આ સમયગાળા દરમિયાન કુલ ખર્ચ રૂ. ૩,૦૩,૭૫૮ કરોડ અને કુલ અંદાજપત્રીય સહાયતા (**GBS**) રૂા.૯૭,૬૩૧ કરોડ રહી હતી. આ માહિતી કેન્દ્રીય વીજ અને નવી તથા રિન્યુએબલ ઊર્જા મંત્રી આર. કે. સિંહ દ્વારા ૧૨ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ રાજ્યસભા સાંસદ શ્રી પરિમલ નથવાણીએ પૂછેલા પ્રશ્નના જવાબમાં ગૃહમાં ઉપલબ્ધ બનાવવામાં આવી હતી.

મંત્રીશ્રીના નિવેદન અનુસાર, વિવિધ રાજ્યોમાં આશરે ૧૯.૭૯ કરોડ પ્રિ-પેઈડ કન્ઝ્યુમર સ્માર્ટ મીટર્સ લગાવવાનું આયોજન છે, જેમાંથી ૧.૬૫ કરોડ સ્માર્ટ મીટર્સ ગુજરાતમાં લગાવવામાં આવશે. પ્રથમ તબક્કામાં ગુજરાતમાં કુલ ૬૬.૦૯ લાખ સ્માર્ટ મીટર, જ્યારે બીજા તબક્કામાં વધુ ૧.૦૫ કરોડ મીટર લગાવવામાં આવશે. શ્રી નથવાણી વર્ષ ૨૦૧૮થી અત્યાર સુધીમાં વીજ મંત્રાલયે શરૂ કરેલી યોજનાઓ વિશે જાણવા માગતા હતા. સાથે તેમણે આ યોજનાઓ હેઠળ ફાળવાયેલા અને તેના અમલ માટે ઉપયોગ કરાયેલા ફંડ્સની વિગતો પણ માંગી હતી.

મંત્રીશ્રીના નિવેદન અનુસાર, રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશો **RDSS** હેઠળ આશરે ૫૨ લાખ ડિસ્ટ્રીબ્યૂશન ટ્રાન્સફોર્મર (ડીટી) સ્માર્ટ મીટર્સ અને ૧.૮૮ લાખ ફીડર સ્માર્ટ મીટર્સ લગાવવાનું આયોજન ધરાવે છે, જેમાંથી ૩ લાખ જેટલા ડીટી સ્માર્ટ મીટર્સ અને ૫,૨૨૯ ફીડર સ્માર્ટ મીટર્સ એકલા ગુજરાતમાં જ લગાવાશે. ફીડર અને ડીટી સ્માર્ટ મીટરથી એનર્જી એકાઉન્ટીંગ ઓટોમેટિક અને સચોટ બનતાં હાઈ લોસ એરિયા શોધવામાં મદદ મળશે. આજદિન સુધીમાં, લોસ રિડક્શન (એલઆર) કામકાજ માટે રૂ. ૧,૨૧,૭૭૮ કરોડના કુલ ખર્ચ ધરાવતા ડીપીઆરને મંજૂર કરાઈ ચૂક્યા છે અને ભારતમાં સ્માર્ટ મીટરિંગના કામો માટે રૂા.૩૦,૪૭૪ કરોડ મંજૂર કરાયા છે.

જવાબમાં એ પણ ઉલ્લેખ કરાયો હતો કે, **RDSS** હેઠળ મંજૂર કરાયેલા કુલ ખર્ચમાંથી, રૂા. ૫,૮૯૭.૨૨ કરોડને સ્કીમ ગાઈડલાઈન્સ મુજબ સ્કીમ લોંચ કરાઈ ત્યારથી માંડીને ૦૬-૧૨-૨૦૨૩ સુધીમાં જારી કરી દેવાયા છે, જેમાંથી રૂા. ૩૦૮ કરોડ છેલ્લા બે વર્ષ અને વર્તમાન વર્ષ દરમ્યાન ગુજરાત



માટે જારી કરવામાં આવ્યા છે. મંત્રીશ્રીના જવાબ અનુસાર, **RDSS** સ્કીમ એફવાય ૨૦૨૫-૨૬ સુધી જારી રહેશે. આ સ્કીમનો ઉદ્દેશ **AT&C** ખોટને ઘટાડીને ૧૨-૧૫%ના ભારતવ્યાપી સ્તરે પહોંચાડવાનો તેમજ ૨૦૨૪-૨૫ સુધીમાં **ACS-ARR** તફાવતને નાબૂદ કરવાનો છે. આનાથી ડિસ્કોમમાં નાણાકીય સદ્ધરતા આવશે અને આખા વિજ ક્ષેત્રમાં સુધારા જોવા મળશે. આ સુધારાત્મક પગલાંને ઈઠ્ઠજીજી હેઠળ આ મંત્રાલયની અન્ય વિવિધ પહેલો સાથે લેવાના પરિણામે ડિસ્કોમની **AT&C** ખોટ જે એફવાય ૨૦૨૧માં ૨૨.૩૨% હતી તે એફવાય ૨૦૨૨માં ઘટીને ૧૬.૪૪%ના સ્તરે પહોંચી ગઈ છે, એમ જવાબમાં જણવવામાં આવ્યું હતું. આ ઉપરાંત **AT&C** ખોટમાં ઘટાડાના પરિણામે **ACS** અને છઈઈ વચ્ચેનો તફાવત પણ ઘટ્યો છે જે એફવાય ૨૦૨૧ના રૂા. ૦.૬૯/ ાઉરના આંકેથી ઘટીને એફવાય ૨૦૨૨માં રૂા. ૦.૧૫ ઉપરના સ્તરે પહોંચી ગયો છે, એમ નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

# ઉનામાં ભાવનગર રોડ ઉપર સિંહ દેખાયો



ઉના તા. ૧૩

ઉનાથી ચાર કિલોમીટર દૂર ભાવનગર હાઈવે રોડ ઉપર મોઢેશ્વરી હીરોના શો રૂમ આગળ ધોળા દિવસે એક પુખ્ત ઉંમરનો સિંહ આવી રોડ ઉપર દોડતો હોય એક વાહન ચાલકે તેનો વીડિયો ક્લિક કરેલ વાયરલ થયો હતો અને આજુબાજુના લોકોમાં ભયનો માહોલ ઉભો થયો હતો. સિંહ આગળ બાવળની ઝાડીમાં ચાલ્યો ગયો હતો.


Vibrant GUJARAT 10-12 Jan 2024
Gateway to the Future | 10th Global Summit
ગુજરાત સરકાર
CELEBRATING 20 Years of VIBRANT GUJARAT
ગરબાને મળ્યું
સાંસ્કૃતિક વારસાનું સન્માન
વાઈબ્રન્ટ ગુજરાતનું
વધ્યું માન
માતાજીની આરાધના માટે ગરબે ઘૂમવાની પરંપરા ગુજરાતની આગવી ઓળખ છે.
UNESCO દ્વારા 'અમૂર્ત સાંસ્કૃતિક વારસા' તરીકે ગરબાની પસંદગી કરવામાં આવી છે.
વિશ્વના દરેક ખૂણે વસતા ગુજરાતીઓ માટે આ ગૌરવની ક્ષણ છે.
આ પ્રસંગે સૌ ગુજરાતીઓને ખૂબ ખૂબ અભિનંદન.
UNESCO
વિશ્વનો સૌથી લાંબો નૃત્યોત્સવ - નવરાત્રી
UNESCO દ્વારા અમૂર્ત સાંસ્કૃતિક વારસા તરીકે ગરબાની પસંદગી